## પ્રથમ વર્ષ

# ડી.એલ.એડ્. અભ્યાસક્રમ મોડ્યૂલ

## કોર્સ – ૭

## સર્જનાત્મક નાટકો, લલિતકલાઓ, હસ્તકલાઓ અને મૂલ્યાંકન

જીસીઈઆરટી, વિદ્યાભવન, ઉદ્યોગભવન સામે,
સેકટર–૧૨, ગાંધીનગર

આવૃત્તિ
2020

**પ્રેરક**
શ્રી બી. સી. સોલંકી
સચિવ, જીસીઈઆરટી, ગાંધીનગર

**કન્વીનર**
શ્રી શૈલેષ બી. બાવા

**વિષય સલાહકાર**
કનુ પટેલ
ડૉ. વિજય સેવક

**લેખન–સંપાદન**
ચંદ્રેશ પાલીઆ
ભરત સેડાલા
ધર્મેશ ચાવડા
બીના દેસાઈ
વિનોદ અઢિયોલ
ભરત અગ્રાવાત
રાજેશ સોલંકી

**સમીક્ષક**
શ્રી સુભાષ બ્રહ્મભટ્ટ

**નિર્માણ સંયોજન**
શ્રી આઈ. વી. પટેલ
(સભ્ય સચિવ)
ડૉ. હરેશભાઈ ચૌધરી
ડૉ. અખિલ ઠાકર
ડૉ. ગૌરાંગ વ્યાસ

## પ્રસ્તાવના:

પરિવર્તનના પગથિયાં ચડીને જ પ્રગતિના રાજમાર્ગ સુધી પહોંચી શકાય છે. પ્રગતિના પીયૂષ પીવા માટે પરિવર્તન આવશ્યક છે. આ બાબતને અનુલક્ષીને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ પ્રભાવી બનાવવા માટે સમયાંતરે તેના અભ્યાસક્રમમાં ફેરફાર કરવાની જરૂરિયાત ઊભી થતાં ક્રમશઃ પુનઃરચના કરવામાં આવી હતી.

પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમની પુનઃરચનાના ઈતિહાસમાં ડોકિયું કરીએ તો ઈ.સ. 199૫માં રાજ્યવ્યાપી અમલી બનેલ ક્ષમતાકેન્દ્રી અભિગમને અનુલક્ષીને ક્રમશઃ ઈ.સ. 1999 અને 2002માં અભ્યાસક્રમની પુનઃરચના કરવામાં આવી. ત્યારબાદ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF) –200૫ની જાહેરાત અન્વયે રાજ્યની પ્રાથમિક શાળાઓના પાઠ્યક્રમમાં પરિવર્તન આવતાં તેમજ અભ્યાસક્રમમાં પુનરાવર્તન પામતી ક્ષમતાઓ દૂર કરવાના હેતુસર ઈ.સ. 2008-09માં અભ્યાસક્રમને પુનર્ગઠિત કરવામાં આવેલ.

વર્તમાન સમયના પરિપ્રેક્ષ્યમાં ગુજરાત રાજ્યમાં NCF-200૫, RTE-2009 અને NCTE દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ NCFTE-2009 તથા 12મી પંચવર્ષીય યોજનાની ભલામણોને ધ્યાને લઈને પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે થયેલ ફેરફારોના અનુસંધાને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમનું પુનઃગઠન ઈ.સ. 2014માં કરી તેનું નવું નામાભિધાન ડી.એલ.એડ્. (D.El.Ed.) રાખવામાં આવેલ છે. નવા અભ્યાસક્રમમાં ક્ષમતાઓને બદલે અધ્યયન નિષ્પત્તિઓ(Learning Outcomes)ને સ્થાન આપવામાં આવેલ છે.

ડૉ. રવીન્દ્રભાઈ દવે સાહેબના અધ્યક્ષપણા હેઠળ રચવામાં આવેલ અભ્યાસક્રમ સમિતિ અને ડી.એલ.એડ્. કોર ટીમના માર્ગદર્શનને અંતે ડી.એલ.એડ્. (D.El.Ed.) અભ્યાસક્રમનું ઘડતર કરવામાં આવેલ છે.

આ બે વર્ષીય ડી.એલ.એડ્. અભ્યાસક્રમ ત્રણ વિભાગોમાં વિભાજિત છે. જેના પ્રથમ વિભાગમાં સાત અધ્યયન ક્ષેત્રો, બીજા વિભાગમાં પાંચ કાર્ય કૌશલ્ય ક્ષેત્રો અને ત્રીજા વિભાગમાં પાંચ પ્રતિબદ્ધતા ક્ષેત્રો સમાવિષ્ટ છે.

આ વર્તમાન ડી.એલ.એડ્. (D.El.Ed.) અભ્યાસક્રમને અનુલક્ષીને તૈયાર થયેલ મૉડ્યૂલની સંરચનામાં જીસીઈઆરટી–ગાંધીનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો, અધ્યાપન મંદિરો અને વિષય તજ્જ્ઞશ્રીઓ તેમજ સમીક્ષકશ્રીઓનો સહયોગ પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત, UNICEF નો પણ આર્થિક તેમજ શૈક્ષણિક સહયોગ પ્રાપ્ત થયો છે. પ્રસ્તુત અભ્યાસક્રમ ડી.એલ.એડ્. (D.El.Ed.) પ્રશિક્ષણાર્થીઓને ઉપયોગી બનશે તેવી શ્રદ્ધા છે.

આ મૉડ્યૂલ ક્ષતિરહિત બને તે માટે જીસીઈઆરટી દ્વારા પૂરતી કાળજી લેવામાં આવી છે. આમ છતાં તેની ગુણવત્તા વધારે તેવાં સૂચનો જીસીઈઆરટી સદાય આવકારે છે.

સભ્ય સચિવ
ડી.એલ.એડ્. અભ્યાસક્રમ સમિતિ
જીસીઈઆરટી, ગાંધીનગર

નિયામક
જીસીઈઆરટી,
ગાંધીનગર

## અનુક્રમણિકા


| ક્રમાંક | વિગત | | પાના નં. |
|---|---|---|---|
| 1. | **ચિત્રકલા** | | 1 – 10 |
| | 1. | પ્રસ્તાવના | |
| | 2. | ચિત્રકલાના હેતુઓ | |
| | 3. | આરંભ | |
| | 4. | રેખા | |
| | 5. | આકાર | |
| | 6. | રંગ | |
| | 7. | છાયા–પ્રકાશ | |
| | 8. | યથાર્થદર્શન (પર્સપૅક્ટિવ) | |
| | 9. | ચિત્રકલાના પ્રકાર | |
| | 10. | કોલાજવર્ક | |
| | 11. | પ્રોજૅક્ટ કાર્ય | |
| 2. | **હસ્તકલા (ક્રાફ્ટ)** | | 11 – 16 |
| | 1. | પ્રસ્તાવના | |
| | 2. | હસ્તકલા(ક્રાફ્ટ)ની ઐતિહાસિક ભૂમિકા | |
| | 3. | હસ્તકલાનો શાબ્દિક અર્થ, વ્યાખ્યા અને સંકલ્પના | |
| | 4. | હસ્તકલાના હેતુઓ | |
| | 5. | હસ્તકલા દ્વારા કૌશલ્યોનો વિકાસ | |
| | 6 | ગુજરાતમાં જોવા મળતી હસ્તકલા | |
| | 7. | હસ્તકલા (ક્રાફ્ટ) નમૂનાનું પ્રવૃત્તિકાર્ય | |
| 3. | **નાટ્યકલા (રંગમંચ)** | | 17 – 27 |
| | 1. | પ્રસ્તાવના | |
| | 2. | શિક્ષણમાં નાટકની ભૂમિકા | |
| | 3. | નાટ્યકલાના હેતુઓ | |
| | 4. | નાટ્ય – વ્યાખ્યા અને સંકલ્પના | |
| | 5. | નાટક – વ્યાખ્યા અને સંકલ્પના | |
| | 6. | નાટકની ત્રણ પ્રકારની મર્યાદાઓ | |
| | 7. | નાટકનાં છ અંગો | |
| | 8. | બાળનાટકની રચના | |
| | 9. | નાટક અને નાટ્યનો તફાવત | |
| | 10. | નાટક – સાહિત્ય સ્વરૂપ | |
| | 11. | નાટક અને નાટકના તÀવો | |
| | 12. | નાટ્યાત્મક પ્રસ્તુતીકરણના પ્રકાર | |
| | 13. | નાટક તૈયાર કરવાના મુદ્દાઓ | |
| | 14. | નાટ્યકલાની પ્રવૃત્તિ | |

| | | | |
|---|---|---|---|
| **4.** | **નૃત્યકલા** | | **28 – 33** |
| | 1. | પ્રસ્તાવના | |
| | 2. | નૃત્ય | |
| | 3. | ભૂમિકા અને મહÀવ | |
| | 4. | બાળગીત–અભિનયગીત | |
| | 5. | ભારતીય શાસ્ત્રીય નૃત્યના પ્રકારો | |
| **5.** | **સંગીત** | | **34 – 43** |
| | 1. | પ્રસ્તાવના | |
| | 2. | મહત્વ | |
| | 3. | હેતુઓ | |
| | 4. | સંગીત કૌશલ્યો | |
| | ૫. | ગીતોના પ્રકારો | |
| | 6. | ભારતીય શાસ્ત્રીય સંગીત | |
| | 7. | ભારતીય સંગીત વાદ્યોના પ્રકાર | |
| | 8. | અલંકારો | |
| | 9. | પ્રોજેક્ટ કાર્ય | |
| | 10. | ધ્યાનમાં રાખવાની બાબતો | |
| | 11. | મૂલ્યાંકન | |
| 6 | | મૂલ્યાંકન માળખું | 44–45 |
| 7 | | પ્રશિક્ષણાર્થીઓએ તૈયાર કરવાની કૃતિઓ | 46–47 |
| 8 | | સમય ફાળવણી પત્રક | 48 |
| 9 | | સંદર્ભ પુસ્તકો | 49–50 |

## વિભાગ 1 – લલિતકલાઓ

### હેતુઓ

- પ્રશિક્ષણાર્થીઓ કલા અને હસ્તકલાની સમજ કેળવે, તેના વિવિધ સ્વરૂપોની અગત્યતા સમજે, કલા શિક્ષણના અવકાશ અને હેતુથી પરિચિત થાય તથા શિક્ષણના પાયા તરીકે કલાને જાણે.
- પ્રશિક્ષણાર્થીઓ કલા, પ્રકૃતિ, માનવના અસ્તિત્વમાં રહેલ સંબંધોના સંદર્ભે મહ_વતાનું નિર્માણ કરે.
- કલા શિક્ષણના પ્રવર્તમાન પ્રવાહોની સમીક્ષા કરે અને ફેરફાર માટે કલાની શક્યતાઓનો વિકાસ કરે.
- પ્રશિક્ષણાર્થીઓ રૂઢિગત કલાના સ્વરૂપોને જાણે અને હસ્તકલાના કૌશલ્યો વિકસાવે.
- માનવ સંસ્કૃતિના નિર્માણમાં સંગીતની ભૂમિકા જાણે.
- કલા અને હસ્તકલાના વિવિધ નમૂના બનાવવાનું કૌશલ્ય હસ્તગત કરે.
- પ્રશિક્ષણાર્થીઓ સંગીત અને હલનચલનના માધ્યમથી નાટ્યકલાની વિવિધ કૌશલ્યો રજૂ કરે.

### અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓ

- પ્રશિક્ષણાર્થીઓ કલા અને હસ્તકલાની સમજ કેળવશે, તેના વિવિધ સ્વરૂપોની અગત્યતા સમજશે, કલા શિક્ષણના અવકાશ અને હેતુથી પરિચિત થશે અને શિક્ષણના પાયા તરીકે કલાને જાણશે.
- પ્રશિક્ષણાર્થીઓ કલા, પ્રકૃતિ, માનવના અસ્તિત્વમાં રહેલ સંબંધોના સંદર્ભે મહ_વતાનું નિર્માણ કરશે.
- કલા શિક્ષણના પ્રવર્તમાન પ્રવાહોની સમીક્ષા કરશે અને ફેરફાર માટે કલાની શક્યતાઓનો વિકાસ કરશે.
- પ્રશિક્ષણાર્થીઓ રૂઢિગત કલાના સ્વરૂપોને જાણશે અને હસ્તકલાના કૌશલ્યો વિકસાવશે.
- માનવ સંસ્કૃતિના નિર્માણમાં સંગીતની ભૂમિકા જાણશે.
- કલા અને હસ્તકલાના વિવિધ નમૂના બનાવવાનું કૌશલ્ય હસ્તગત કરશે.
- પ્રશિક્ષણાર્થીઓ સંગીત અને હલનચલનના માધ્યમથી નાટ્યકલાના વિવિધ કૌશલ્યો રજૂ કરશે.

### લલિતકલાના માધ્યમથી પ્રશિક્ષણાર્થીઓ જાણશે.

1. **કલા, કલાની કદર અને કલા શિક્ષણ :** હસ્તકલાના પ્રદર્શનો, બાલ ભવન અને આર્ટ ગૅલેરીની મુલાકાત લેવી. નાના જૂથમાં ચર્ચા તથા પ્રદર્શન દ્વારા કલા, હસ્તકલા અને સંગીતના કાર્યક્રમોનું આયોજન કરવું.
2. **દૃશ્ય કલાઓ :** વિવિધ માધ્યમોની મદદથી કલાકૃતિ બનાવવા માટેની તક આપવી. રંગ, રચના, બંધારણ અને વિષયવસ્તુ પર ધ્યાન આપવું.
3. **સંગીત :** વિવિધ સ્વરૂપના સંગીતનો અનુભવ કરાવવો.

4. **ફિલ્મ અને ઈલેક્ટ્રોનિક માધ્યમો :** વૈકલ્પિક સિનેમાનો પરિચય કરાવવો. પ્રશિક્ષણાર્થી સિનેમાની એક કલા તરીકે કદર કરતો થાય તેવી ફિલ્મો બતાવવી. ફિલ્મ સર્જકો / નિષ્ણાતો સાથે વાર્તાલાપ ગોઠવવો.

5. **સાહિત્યિક કલાઓ :** ભાષા, સાહિત્ય અને નાટક વચ્ચે સંધાન કરવું. પ્રશિક્ષણાર્થીઓ કવિતાઓની કદર  કરે તેવી યોજનાઓ ઘડવી. કવિતાઓના આધારે વિષયવસ્તુ નક્કી કરી તેને નાટકમાં પરિવર્તિત કરવું.
6. **સ્થાપત્યો અને વિશિષ્ટ રચનાઓ :** સ્થાપત્યોના વારસા સંદર્ભે સમજ વિકસાવવી. વિદેશી વસાહતો, મોગલ્સ, સુલતાનકાળ અને સ્વાતંત્ર્ય બાદના સમયની વિશિષ્ટ રચનાઓમાં રહેલ સૌંદર્ય સંદર્ભે કદર કરે તેવા પ્રયત્નો કરવા.
7. **શાળાના બાળકો માટે પ્રોજેક્ટની રચના કરવી :** કલા આધારિત પ્રોજેકટસ બાળકોને આપવા, તેમાં માર્ગદર્શન આપવું, નિરીક્ષણ કરવું, મૂલ્યાંકન કરવું.

વિભાગ ૨ – સર્જનાત્મક નાટકો

**હેતુઓ**

- પ્રશિક્ષણાર્થીઓ પોતાની અંદર રહેલ સર્જનાત્મક ક્ષમતાઓને જાણે.
- પ્રશિક્ષણાર્થીઓ નિરીક્ષણના કેન્દ્ર તરીકે કલાને જાણે. દા.ત. **દૃશ્ય** કલાઓ : ચિત્રો / ફિલ્મ્સ / નાટક / સંગીત, તેમજ ચિત્ર કેવી રીતે અર્થપૂર્ણ બની શકે અને ચિત્ર કેવી રીતે અભ્યાસની શરૂઆત માટેનું માધ્યમ બની શકે તે જાણે.
- પ્રાથમિક કક્ષાએ નાટક એ શિક્ષણ તરીકેની ભૂમિકા વિશે પ્રશિક્ષણાર્થીઓ જાણે.
- નાટકની મદદથી વર્ગખંડ શિક્ષણને કેવી રીતે અસરકારક બનાવી શકાય તે પ્રશિક્ષણાર્થીઓ જાણે.
- શિક્ષણમાં શિક્ષકની સર્જનાત્મક માર્ગદર્શક તરીકેની ભૂમિકાને પ્રશિક્ષણાર્થીઓ જાણે.
-

**અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓ**

- પ્રશિક્ષણાર્થીઓ પોતાની અંદર રહેલ સર્જનાત્મક ક્ષમતાઓને જાણશે.
- પ્રશિક્ષણાર્થીઓ નિરીક્ષણના કેન્દ્ર તરીકે કલાને જાણશે. દા.ત. દશ્ય કલાઓ : ચિત્રો / ફિલ્મ્સ / નાટક / સંગીત, તેમજ ચિત્ર કેવી રીતે અર્થપૂર્ણ બની શકે અને ચિત્ર કેવી રીતે અભ્યાસની શરૂઆત માટેનું માધ્યમ બની શકે તે જાણશે.
- પ્રાથમિક કક્ષાએ નાટક એ શિક્ષણ તરીકેની ભૂમિકા વિશે પ્રશિક્ષણાર્થીઓ જાણશે.
- નાટકની મદદથી વર્ગખંડ શિક્ષણને કેવી રીતે અસરકારક બનાવી શકાય તે પ્રશિક્ષણાર્થીઓ જાણશે.
- પ્રશિક્ષણાર્થીઓ શિક્ષકની સર્જનાત્મક માર્ગદર્શક તરીકેની ભૂમિકાને જાણશે.

**નાટકોના માધ્યમથી પ્રશિક્ષણાર્થીઓ જાણશે.**

1. પ્રશિક્ષણાર્થીઓ જીવન અંગેની સમજ કેળવે અને જીવનના અનુભવોમાંથી શીખે તે માટેના નાટકોનું સર્જન કરવું.
2. લોકો વચ્ચે રહેલા તફાવતોને દૂર કરવા માટેની સમજ વિકસાવવી. જેમ કે, જ્ઞાતિ, વર્ગ, જાતિ, ધર્મ, ઉંમર, સમાજ, વ્યવસાય, જીવનધોરણો વગેરે અને તે કેવી રીતે લોકોની ક્રિયાઓ, નિર્ણયો અને સંબંધોને પ્રભાવિત કરે છે તે જાણવું.
3. પરિસ્થિતિઓ, સામાજિક ઢાંચો અને વિવિધ સમાજોને જોવાનો ø઼ષ્ટિકોણ વિકસાવવો.
4. વ્યક્તિ અને સમુદાય વચ્ચેનો સંબંધ જાણવો. પ્રક્રિયાઓ અને સંદર્ભો દૈનિક જીવનની પરિસ્થિતિઓમાં કેવી ભૂમિકા ભજવે છે તેની જાણકારી મેળવવી.
5. પરિવર્તન એ જીવનનો સિદ્ધાંત છે તે નાટક દ્વારા જાણવું.

| વિભાગ 1 – લલિતકલાઓ, ચિત્રકલા અને હસ્તકલા (દ્રશ્યકલા) | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | હેતુઓ | પ્રવૃત્તિઓ | સિમેસ્ટર – 1 | સિમેસ્ટર – 2 | મૂલ્યાંકન | અધ્યયન નિષ્પત્તિઓ |
| 1 | પ્રશિક્ષણાર્થીઓ પોતાની અંદર રહેલી સર્જનાત્મક ક્ષમતાઓને જાણે. | સર્જનાત્મક પ્રવૃત્તિઓ : ચિત્રાંકન, રંગકામ, કાગળકામ, ચીટકકામ, છાપકામ, પૂંઠાકામ, માટીકામ, વેસ્ટમાંથી બેસ્ટ | ચિત્રાંકન : કેલીગ્રાફી, આકારો, રંગકામ, કાગળકામ, ચીટકકામ, છાપકામ, પૂંઠાકામ, માટીકામ, વેસ્ટમાંથી બેસ્ટ | કાગળકામ, ચીટકકામ, છાપકામ, પૂંઠાકામ, માટીકામ, વેસ્ટમાંથી બેસ્ટ | પ્રત્યેક પ્રવૃત્તિનું સતત મૂલ્યાંકન ચાલુ રહે, પ્રાર્થના–સંમેલન તથા વિવિધ પ્રસંગોની ઉજવણીમાં કરેલ દેખાવ ધ્યાનમાં લેવો. | પ્રશિક્ષણાર્થીઓ પોતાની અંદર રહેલી સર્જનાત્મક ક્ષમતાઓને જાણશે. |
| 2 | પ્રશિક્ષણાર્થીઓ નિરીક્ષણના કેન્દ્ર તરીકે કલાને જાણે. | સજીવ, નિSOવ, કુદરતી તથા માનવસર્જિત વસ્તુઓના નિરીક્ષણની તક આપવી | મનપસંદ ચિત્ર દોરી રંગકામ, કુદરતી દ્રશ્ય, ફળફૂલ, શાકભાજી, માનવસSOત પદાર્થો, છાયાપ્રકાશ | માનવપાત્રો, તહેવારો, પ્રસંગોના ચિત્રો, પ્રાણી–પક્ષીઓ | | પ્રશિક્ષણાર્થીઓ નિરીક્ષણના કેન્દ્ર તરીકે કલાને જાણશે. |
| 3 | પ્રશિક્ષણાર્થીઓ પ્રાથમિક ચિત્રકલા / હસ્તકલા દ્વારા શિક્ષણની ભૂમિકા જાણે. | વિવિધ વિષયોના વિવિધ એકમોના શિક્ષણ માટે ચિત્રાંકન તથા હસ્તકલાની પ્રવૃત્તિઓ | વિષયવાર ચિત્રકલા / હસ્તકલાની પ્રવૃત્તિઓ | વિષયવાર ચિત્રકલા / હસ્તકલાની પ્રવૃત્તિઓ | | પ્રશિક્ષણાર્થીઓ પ્રાથમિક ''ચિત્રકલા / હસ્તકલા દ્વારા શિક્ષણ''ની ભૂમિકા જાણશે. |
| 4 | પ્રશિક્ષણાર્થીઓ ચિત્રકલા / હસ્તકલાની મદદથી વર્ગખંડ શિક્ષણને કેવી રીતે અસરકારક બનાવી શકાય તે જાણે. | વિવિધ વિષયોના વિવિધ એકમોના શિક્ષણ માટે ચિત્રાંકન તથા હસ્તકલાની પ્રવૃત્તિઓનું અન્ય વિષયો સાથે અનુસંધાન | પાઠ આયોજનમાં કલા પ્રવૃત્તિઓની સામેલગીરી | પાઠ આયોજનમાં કલા પ્રવૃત્તિઓની સામેલગીરી | | પ્રશિક્ષણાર્થીઓ ચિત્રકલા / હસ્તકલાની મદદથી વર્ગખંડ શિક્ષણને કેવી રીતે અસરકારક બનાવી શકાય તે જાણશે. |
| 5 | પ્રશિક્ષણાર્થીઓ શિક્ષણમાં શિક્ષકની સર્જનાત્મક માર્ગદર્શક તરીકેની ભૂમિકાને જાણે. | વિવિધ કલાના વિષયોનું સૈધ્ધાંતિક અને પ્રાયોગિક જ્ઞાન. | પ્રાયોગિક કલા પ્રવૃત્તિઓ | પ્રાયોગિક કલા પ્રવૃત્તિઓ | | પ્રશિક્ષણાર્થીઓ શિક્ષણમાં શિક્ષકની સર્જનાત્મક માર્ગદર્શક તરીકેની ભૂમિકાને જાણશે. |
| 6 | પ્રશિક્ષણાર્થીઓ ગુજરાતના ચિત્રકારો કલાવિષયો તથા કલા–સ્થાપત્યો અંગે જાણે. | સૈધ્ધાંતિક | કલાના મૂળત__વો, રંગ, રેખાઓની અસરો | ગુજરાતના ચિત્રકારો, ગુજરાતના કલા સ્થાપત્યો | | પ્રશિક્ષણાર્થીઓ ગુજરાતના ચિત્રકારો, કલાવિષયો તથા કલા–સ્થાપત્યો અંગે જાણશે. |

| વિભાગ 2 – સર્જનાત્મક નાટકો, લલિતકલાઓ – સંગીત / નૃત્ય (પ્રદર્શિત કલા) | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | હેતુઓ | પ્રવૃત્તિઓ | સિમેસ્ટર– 1 | સિમેસ્ટર– 2 | મૂલ્યાંકન | અધ્યયન નિષ્પત્તિઓ |
| 1 | પ્રશિક્ષણાર્થીઓ પોતાની અંદર રહેલી સર્જનાત્મક ક્ષમતાઓને જાણે. | મૂક અભિનય, આંગિક અભિનય, વાચિક અભિનય, પૂર્ણ અભિનય, પ્રાર્થના, ભજન, ધૂન, અભિનયગીત સ્વરબધ્ધ ગાયન, અલંકારો અને સાદા રાગો તૈયાર કરવા. | હાસ્ય, રૌદ્ર, કરુણ ભાવ, પ્રાણી–પક્ષીઓના હાવભાવ, અભિનય, ગીતો, વાર્તાઓના સંવાદો. | એકમોમાં આવતા પાત્રોને સાંકળીને પ્રવૃત્તિઓ કરાવવી. | પ્રત્યેક પ્રવૃત્તિનું સતત મૂલ્યાંકન ચાલુ રહે, પ્રાર્થના–સંમેલન તથા વિવિધ પ્રસંગોની ઊજવણીમાં કરેલ દેખાવ ધ્યાનમાં લેવો. | પ્રશિક્ષણાર્થીઓ પોતાની અંદર રહેલી સર્જનાત્મક ક્ષમતાઓને જાણશે. |
| 2 | પ્રશિક્ષણાર્થીઓ નિરીક્ષણના કેન્દ્ર તરીકે કલાને જાણે. | પાત્રોની ભજવણી માટે વાસ્તવિક પાત્રોના નિરીક્ષણની તક મળે તેવી પ્રવૃત્તિઓ કરાવવી. અભિનયગીત, ઋતુગીતો, સ્વાગતગીતો, અભ્યાસક્રમના એકમોના પાત્રોની ભજવણી. | પ્રાણી–પક્ષીઓના અભિનય, સમાજના વિવિધ વ્યવસાયકારોનો અભિનય, અભિનયગીતો, ઋતુગીતો, ગરબા, લોકગીતો, સ્વાગતગીતો (એકમો મુજબ) તથા કવિતાગાન | એકમોમાં આવતા પાત્રોને સાંકળીને પ્રવૃત્તિઓ કરાવવી. | | પ્રશિક્ષણાર્થીઓ નિરીક્ષણના કેન્દ્ર તરીકે કલાને જાણશે. |
| 3 | પ્રશિક્ષણાર્થીઓ પ્રાથમિક "નાટક દ્વારા શિક્ષણ"ની ભૂમિકા જાણે. | વિવિધ એકમોનું નાટ્યીકરણ, ભવાઈગીત, શૌર્યગીતો, રાષ્ટ્રગીત, નૃત્યનાટિકા. | વિવિધ એકમોનું નાટ્યીકરણ જેમાં ગીતો અને નૃત્ય સામેલ હોય. | એકમોમાં આવતા પાત્રોને સાંકળીને પ્રવૃત્તિઓ કરાવવી. | | પ્રશિક્ષણાર્થીઓ પ્રાથમિક "નાટક દ્વારા શિક્ષણ"ની ભૂમિકા જાણશે. |
| 4 | પ્રશિક્ષણાર્થીઓ નાટકની મદદથી વર્ગખંડ શિક્ષણને કેવી રીતે અસરકારક બનાવી શકાય તે જાણે. | વિવિધ એકમોનું નાટ્યીકરણ થાય તેમાં વર્ગના દરેક બાળકો ભાગ લઈ પોતે જ સંવાદો અને સ્ક્રિપ્ટ તૈયાર કરે. લોકનૃત્ય તૈયાર કરે. | શીઘ્ર નાટ્યીકરણ, સ્ક્રિપ્ટ તૈયાર કરવી. લોકગીતો પર અભિનય તથા નૃત્ય તૈયાર કરે. | વિવિધ પ્રસંગે રજૂઆત | | પ્રશિક્ષણાર્થીઓ નાટકની મદદથી વર્ગખંડ શિક્ષણને કેવી રીતે અસરકારક બનાવી શકાય તે જાણશે. |
| 5 | પ્રશિક્ષણાર્થીઓ શિક્ષણમાં શિક્ષકની સર્જનાત્મક માર્ગદર્શક તરીકેની ભૂમિકાને જાણે. | જુદા જુદા વિષયના એકમોનું નાટ્ય રૂપાંતર કરવા અંગે પ્રયત્નશીલ રહેવું. નાટક તૈયાર કરવા અંગેની પાયાની સમજ મેળવે. સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરે. | નાટ્યરૂપાંતરની કળા જાણવી. સાંસ્કૃતિક કાર્યક્રમ | વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમમાં નાટ્યકૃતિ, ગીતો અને લોકનૃત્યની રજૂઆત | | શિક્ષણમાં શિક્ષકની સર્જનાત્મક માર્ગદર્શક તરીકેની ભૂમિકાને જાણશે. |
| 6 | પ્રશિક્ષણાર્થીઓ ગુજરાતના નૃત્યકારો, સંગીતકારો, ગાયકો, નાટ્યકારો અને નાટ્યલેખન અંગે જાણે. | સૈધ્ધાંતિક | શાસ્ત્રીય (અલંકાર, રાગો) તથા લોકસંગીત વિષયક નાટ્યકારો, નાટ્યલેખન સંગીતકારો વિશે જાણકારી | શાસ્ત્રીય તથા લોકનૃત્ય, નૃત્યકારો વિશે જાણકારી | | પ્રશિક્ષણાર્થીઓ ગુજરાતના નૃત્યકારો, સંગીતકારો, ગાયકો, નાટ્યકારો અને નાટ્યલેખન અંગે જાણશે. |

# 1. ચિત્રકલા

## 1. પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા (NCF-2005), NCFTE-2009, RTE-2009 તથા NCERT દ્વારા તૈયાર થયેલ પોઝિશન પેપરને ધ્યાનમાં રાખી D.El.Ed. માટે ચિત્રકલાનો પ્રથમ સત્ર અને દ્વિતીય સત્રનો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો છે.

ચિત્રકલા એ વિવિધ કલાઓ પૈકીની બાળકોની મનગમતી કલા ગણી શકાય. બાળકના સર્વાંગી વિકાસ માટે શાલેય શિક્ષણના સંદર્ભમાં તેમને વિધ-વિધ સાક્ષરી વિષયો શીખવવામાં આવે છે. પરંતુ તે ઉપરાંત બાળકના ચૈતન્યને વેગવાન બનાવવા તેમજ તેની રસિકતાને અનુરૂપ ચિત્રકલાનું જ્ઞાન આપવું એ પણ એટલું જ આવશ્યક છે.

ચિત્રકલાની અનેકવિધ પ્રવૃત્તિઓ બાળકના ચિત્તકોષને અનુકૂળ એવી સૃષ્ટિનું નિર્માણ કરે છે. બાળમનોજગતને ઉત્પ્રેરક એવું કક્ષાનુરૂપ ચિત્રકલાનું જ્ઞાન તેના વ્યક્તિત્વ-વિકાસને નવી દિશા આપે છે. ચિત્રકલા દ્વારા બાળકની સુષુપ્ત શક્તિઓનું પ્રગટીકરણ થાય છે તેમજ તેનું અભિવ્યક્તિ કૌશલ્ય ખીલે છે તથા પ્રાથમિક કક્ષાના સંદર્ભે તેનાં વલણોમાં વિકાસ થાય છે. આમ બાળકમાં સર્જનાત્મક વિચારસરણીના બીજ રોપાય છે.

ચિત્રકલાના શિક્ષણથી બાળકને ચિત્રકાર કે કલાકાર બનાવવાની વાત નથી પણ બાળકમાં રહેલી શક્તિઓ અને કૌશલ્યોનું પ્રગટીકરણ થાય અને તેને નવસર્જનનો આનંદ મળે તે મુખ્ય બાબત છે. ચિત્રકલાનું સમગ્ર વિષયવસ્તુ બાળકમાં વિવિધ કેળવણીના રંગો પૂરે છે. તેના વ્યક્તિત્વમાં નવો નિખાર લાવે છે. ચિત્ર, રંગ, સુશોભન, હસ્તકલા જેવા વિધ-વિધ અંગો બાળકનાં સર્વાંગી વિકાસના પગથિયાં છે.

## 2. ચિત્રકલાના હેતુઓ

- સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય.
- સૌંદર્ય ભાવનાનો વિકાસ થાય.
- હસ્ત કૌશલ્યનો વિકાસ થાય.
- એકાગ્રતા, આત્મવિશ્વાસ વધે.
- સર્જનનો આનંદ માણે.
- સુષુપ્ત શક્તિઓની ખીલવણી થાય.
- શાળા કલાશાળા અને કાર્યશાળા બને.

## 3. આરંભ

કોઈ પણ ભાષામાં જેમ વ્યાકરણનું મહત્ત્વ છે તેમ કલામાં તેના મૂળતત્ત્વોનું મહત્ત્વ છે. કલાનાં આ મૂળતત્ત્વોનું જ્ઞાન મેળવવું અનિવાર્ય છે જ પરંતુ કલાનો રસાસ્વાદ, કલાને માણવામાં પણ આ જ્ઞાન આવશ્યક છે.


રંગ, રેખા, આકાર અને છાયા-પ્રકાશ એ ચિત્રકલાના મૂળતત્ત્વોના મુખ્ય અંગો છે. તો ચાલો આ મૂળતત્ત્વોનો પરિચય મેળવીએ.

## 4. રેખા

રેખાનું નિર્માણ બિંદુથી થાય છે. બિંદુઓના અનેક ગણ ભેગા થવાથી રેખા બને છે. દરેક રેખાને પોતાનું આગવું સ્થાન તથા સ્વભાવ હોય છે. જેના દ્વારા આપણે ચિત્રમાં હલન-ચલન, ગતિ, સ્થિરતા કે મંદગતિ જેવા ભાવો દર્શાવી શકીએ છીએ.

રેખાઓ આછી-ઘાટી, જાડી-પાતળી, સળંગ કે ત્રુટક હોઈ શકે છે.

### 4.1 ઊભી રેખા




ઊભી રેખા ઉપર-નીચે દિશામાં ગતિ કરે છે. ઊભી રેખાઓ શાંત રેખાઓ છે. તેઓ સ્થિરતા-એકાગ્રતાના ભાવ દર્શાવે છે.

### 4.2 આડી રેખા




જમણી બાજુ, ડાબી બાજુ કે બંને બાજુ જતી રેખાઓને આડી રેખા કહેવામાં આવે છે. આડી રેખાઓ નિષ્ક્રિયતા તેમજ આરામના ભાવ દર્શાવે છે.

### 4.3 ત્રાંસી રેખા



ત્રાંસી રેખા ગતિ કરતી રેખા છે. હલન-ચલન, ગતિ કે વેગ બતાવતી રેખાઓ ત્રાંસી રેખાઓ છે.

### 4.4 ગુણક રેખાઓ




આડી-ઊભી અને ત્રાંસી રેખાઓના મિશ્રણથી ગુણક રેખાઓ બને છે. ગુણક રેખાઓ અનિયમિતતા, અવ્યવસ્થા તથા ધમાસણના ભાવો દર્શાવે છે.

### 4.5 ત્રુટક રેખા



ત્રુટક રેખા ત્રાંસી કે ઊભી હોઈ શકે છે. પવનમાં ધ્રૂજતા વૃક્ષો, વરસતો વરસાદ વગેરે ત્રુટક રેખાઓ છે.

### 4.6 વમળયુક્ત રેખાઓ




વમળયુક્ત રેખા મંદ ગતિ, લય અને માધુર્યના ભાવો દર્શાવે છે. પવનની ધીમી લહેરો, સમુદ્રની લહેરો, જમીન પર સરકતો સાપ વગેરે મંદ ગતિના ઉદાહરણો છે.

આમ ચિત્રકલામાં રેખાનું આગવું સ્થાન છે. જેમ શબ્દોની યોગ્ય ગોઠવણીથી વાક્ય બને છે તેમ રેખાઓની યથાયોગ્ય ગોઠવણીથી સુંદર ભાવવાહી ચિત્રનું નિર્માણ થાય છે.

## 5. આકાર

જ્યારે આપણે કોઈ વસ્તુને જોતા હોઈએ છીએ ત્યારે આપણે તેનો આકાર નિહાળીએ છીએ. આકાર કોઈ પણ પ્રકારનો હોઈ શકે. ચિત્રના સર્જનમાં આકાર મહત્ત્વનું અંગ છે.

આમ જુઓ તો આપણે નીચે દર્શાવેલા આકારોથી પરિચિત છીએ :



ચોરસ ત્રિકોણ વર્તુળ લંબચોરસ અનિયમિત શંકુ

## 6. રંગ

કુદરતે સૃષ્ટિમાં અનેક તત્ત્વોનું નિર્માણ કર્યું છે. આ દરેક તત્ત્વને અલગ પાડવા તેમને જુદા જુદા રંગો આપવામાં આવ્યા છે. રંગ વગરની દુનિયાની કલ્પના કરવી મુશ્કેલ છે.

ચિત્રકલામાં રંગોનું પણ આગવું સ્થાન છે. રંગોને પણ પોતાના સ્વભાવ હોય છે, પોતાની આગવી શક્તિ હોય છે.

લાલ, પીળો અને વાદળી એ મૂળ રંગો (પ્રથમ શ્રેણીના) છે. જે શુદ્ધ અને તેજસ્વી છે.

### 6.1 લાલ

ભારતમાં શુભ પ્રસંગોએ આ રંગનો વિશેષ ઉપયોગ થાય છે. હિંસા, ક્રોધ અને ઉગ્રતા દર્શાવવા લાલ રંગ વપરાય છે.

### 6.2 પીળો

આ રંગ પવિત્ર અને તેજસ્વિતા દર્શાવવા વપરાય છે. આછો પીળો રંગ માંદગી, નબળાઈ તથા આળસના ભાવો દર્શાવે છે.

### 6.3 વાદળી

શાંત, ગંભીરતા અને વિશાળતાના ભાવો દર્શાવતો રંગ છે.


લાલ, પીળો અને વાદળી મૂળ રંગ કહેવાય. બાકીના બીજા બધા મેળવણીથી થાય.

## 7. છાયા–પ્રકાશ

ચિત્રોમાં છાયા-પ્રકાશ એ પણ અગત્યનો ભાગ છે. ચિત્રોમાં જો છાયા-પ્રકાશ હશે તો તેની જાડાઈ, ઘનતા, પ્રકાશની દિશા તથા ગહનતા જાણવામાં સરળતા રહે છે. રેખા ચિત્ર તૈયાર કર્યા બાદ યોગ્ય છાયા-પ્રકાશનો ઉપયોગ ચિત્રમાં પ્રાણ પૂરવાનું કામ કરે છે. છાયા-પ્રકાશ પેન્સિલ દ્વારા, રંગો દ્વારા કે કોઈ અન્ય માધ્યમ દ્વારા દર્શાવી શકાય છે.








## 8. યથાર્થદર્શન (પર્સપેક્ટિવ)


યથાર્થદર્શન એ એક શાસ્ત્ર છે. તેનો અભ્યાસ કરી લઈએ કેમ કે ચિત્રમાં તે જરૂરી છે. જુદા જુદા અંતરે મૂકેલી બે સરખી વસ્તુઓ કે પાત્રો સાચા સ્વરૂપમાં જ હોવા છતાં આપણી **દૃષ્ટીને** નજીકની વસ્તુ દૂરની વસ્તુ કરતા મોટી લાગે છે અથવા દૂરની વસ્તુ નજીકની વસ્તુ કરતા નાની લાગે છે. આને લગતા ઉદાહરણોથી આપણે પરિચિત છીએ. જેમ કે વીજળીના હારબંધ ગોઠવાયેલા થાંભલા, ટ્રેનના પાટા વગેરે. નીચેની આકૃતિઓનો અભ્યાસ કરો.



## 9. ચિત્રકલાના પ્રકાર

### 9.1 કેલિગ્રાફિ

અરેબિક લેખનશૈલીની ખાસિયત મુજબ તેઓ જે કંઈ લખાણો લખતાં તેને શણગારતાં. તેમના લખાણોમાં અક્ષરોના વિવિધ મરોડ તથા અક્ષરો દ્વારા ચિત્રનું સર્જન પણ કરવામાં આવતું તેને કેલિગ્રાફિ તરીકે ઓળખવામાં આવે છે. ચિત્રકલાના વિષયમાં નિપુણતા મેળવવા માટે વિવિધ પ્રકારના વળાંકોવાળી રેખાઓ પર પ્રભુત્વ મેળવવા માટે કરવામાં આવતા મહાવરાને કેલિગ્રાફિ કહેવામાં આવે છે. અહીં કેટલીક રેખાઓ દ્વારા તૈયાર થયેલ કેલિગ્રાફિના નમૂના આપવામાં આવેલ છે, જેનું નિરીક્ષણ કરી તે મુજબ કરવા માટે તૈયાર થશો.



### ૯.૨ ભાતચિત્ર

ભાતચિત્ર એટલે વિવિધ આકારો વડે સુંદરતમ્ ગોઠવણી કરી, નયનરમ્ય રચના કરી તેમાં આકર્ષક રંગપૂરણી કરવી. ભાતચિત્રમાં ભૌમિતિક, અલંકૃત, ફૂલપાન તથા અમૂર્ત આકારોનો ઉપયોગ કરવામાં આવે છે. આકારોને જુદી જુદી રીતે એટલે કે આકારનું પુનરાવર્તન કરી શકાય. વિસ્તરણ પામતા આકારો દ્વારા પણ સુંદર રચના તૈયાર કરી શકાય તે માટે બિંદુમાંથી વિસ્તરણ, કેન્દ્રમાંથી, પાયામાંથી, ધરીમાંથી, રેખામાંથી તથા વળાંકમાંથી વિસ્તરણ પામતા આકારો લઈ શકાય. આ ઉપરાંત સમ સમતોલન તથા વિષમ સમતોલન અનુસાર પણ સુંદર ભાતચિત્ર તૈયાર કરી શકાય છે.


ભાતચિત્રના મુખ્યત્વે ચાર પ્રકારો પાડવામાં આવ્યા છે :

(1) **ભૌમિતિક આકારોવાળી ભાત** : ચોરસ, વર્તુળ, ત્રિકોણ વગેરે જેવા ભૌમિતિક આકારોનો ઉપયોગ કરીને બનતા ભાતચિત્રને ભૌમિતિક આકારોવાળી ભાત કહેવામાં આવે છે.

(2) **કુદરતી આકારોવાળી ભાત** : પાન, ફૂલ, શંખ, છીપલા, માછલી, પતંગિયા જેવા કુદરતી આકારોનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવતા ભાતચિત્રને કુદરતી આકારોવાળી ભાત કહેવામાં આવે છે.

(3) **અલંકૃત આકારોવાળી ભાત** : કોઈ પણ આકારમાં અલંકૃત આકારો વડે તેને વધારે સુશોભિત કરીને બનાવાતી કૃતિને અલંકૃત ભાતચિત્ર કહેવામાં આવે છે.

(4) **અમૂર્ત આકારોવાળી ભાત** : એવો આકાર કે જે શેનો છે તે ચોકકસ કહી ન શકાય અને તે આકારો સ્વતંત્ર આકારો હોય તેવા આકારોવાળા ભાતચિત્રને અમૂર્ત ભાતચિત્ર કહેવામાં આવે છે.



ભૌમિતિક આકાર ભાતચિત્ર




કુદરતી આકાર ભાતચિત્ર





અલંકૃત આકાર ભાતચિત્ર





અમૂર્ત આકાર ભાતચિત્ર

ન


## 9.3 વસ્તુચિત્ર

વિવિધ પ્રકારની માનવસર્જિત વસ્તુઓ સામે મૂકી તેનું પ્રમાણસર ચિત્રાંકન કરી રંગ અથવા પેન્સિલ દ્વારા છાયા-પ્રકાશ કરી તૈયાર કરવામાં આવતા ચિત્રને પદાર્થચિત્ર કહેવામાં આવે છે. વિવિધ માનવસર્જિત વસ્તુઓ તરીકે પેન્સિલ, રબર, બૉક્સ, ઈંટ, માટલું, બૉટલ, ડબો, કાપડ, અન્ય વાસણો, ખુરશી, ટેબલ વગેરે સરળતાથી મળતી વસ્તુઓનો ઉપયોગ કરી શકાય. આમાં વસ્તુના વાસ્તવિક નિરીક્ષણ, યથાર્થદર્શન અને છાયા-પ્રકાશ વિશે પ્રશિક્ષણાર્થીઓ જાણે અને તે મુજબ તેમની **દૃષ્ટિ** વિકસે. આ અંગે અન્યત્ર છણાવટ કરવામાં આવેલ છે.



### 9.4 પ્રકૃતિચિત્ર

બાળકને કુદરતનું સાનિધ્ય ખૂબ જ ગમે છે. કુદરતના અદ્‌ભુત રંગો પ્રત્યે સદા કુતૂહલ રહ્યું છે. તેની અસર તેમના ચિત્રાંકનોમાં ઝીલાય છે. બાળકોની અવલોકનશક્તિને ખીલવવા માટે પ્રકૃતિચિત્ર એ મહત્ત્વનું માધ્યમ બની રહે છે. કુદરતના રંગો, આકારો, ફૂલપાન, આકાશ, પાણી, પથ્થર, વૃક્ષો, વાદળ, પ્રાણી, પક્ષી વગેરેનું અવલોકન કરી, ચિત્રાંકન કરી તેનો આનંદ માણે છે. અહીં બાળકને પર્યાવરણમાં રહેલી કુદરતી વસ્તુઓનું અવલોકન કરવાની તક મળે છે.



### 9.5 અક્ષરલેખન


સુંદર, મરોડદાર અને આકર્ષક લખાણ સૌને ગમે છે. પ્રશિક્ષણાર્થી અક્ષરોના વિવિધ કલાત્મક મરોડ જાણે છે. જેના દ્વારા શબ્દો કે વાક્યોનું આકર્ષક રીતે આલેખન કરી શકે છે. વિવિધ સુવાક્યો, જાહેરાતોના પોસ્ટરો, ચોપડીઓના મુખપૃષ્ઠો આવા સુંદર અક્ષરલેખન દ્વારા અસરકારક અને પ્રભાવશાળી બનાવી શકે છે. અક્ષરલેખન કરવા માટે પેન્સિલ, સ્કેચપેન, પીંછી તથા માર્કરપેન દ્વારા ખૂબ મહાવરો કરી સુંદરતમ્ અને કલાત્મક અક્ષરલેખન કરી શકાય છે.

અક્ષરલેખન अक्षर लेखन

English Word

### 9.6 ચિત્ર-સંયોજન

વિવિધ પ્રકારના આકારોવાળા ચિત્રો જેમાં કુદરતી, માનવસર્જિત ભૌમિતિક, અલંકૃત અને અમૂર્ત આકારોનો ઉપયોગ કરી સુંદર અને નયનરમ્ય ગોઠવણી કરી આલેખન કરવામાં આવે છે. ત્યારબાદ વિવિધ પ્રકારના રંગોના માધ્યમ દ્વારા રંગોથી સજાવવામાં આવે છે ત્યારે તે ચિત્ર-સંયોજન બને છે. જે કોઈક પ્રસંગ, તહેવાર, પ્રાણી, પક્ષી, માનવપાત્રોના નિરૂપણ દ્વારા તૈયાર કરવામાં આવે છે. ચિત્ર-સંયોજન વાસ્તવિક તથા સર્જનાત્મક રીતે પણ તૈયાર કરી શકાય છે. વળી ઓવરલેપિંગ કરી આકારો ગોઠવીને સુંદર ચિત્ર-સંયોજન તૈયાર કરવામાં આવે છે.



## 10. કોલાજવર્ક



બાળકો તથા મોટાંઓને પણ રસ પડતો વિષય હોય તો તે છે કોલાજવર્ક. આ રચના વિવિધ રંગીન મૅગેઝિન કે ન્યૂઝપેપરના કાગળોને હાથ વડે યોગ્ય રીતે ફાડી અથવા કાતર વડે કાપીને ચોંટાડી તૈયાર કરવામાં આવે છે. વળી રંગીન પતંગના કાગળો, ઘૂંટેલા કાગળો કે કાપડના વેસ્ટ રંગીન ટુકડાઓને ચોંટાડીને ચિત્રકૃતિ તૈયાર કરવામાં આવે છે. આ પ્રવૃત્તિથી પ્રશિક્ષણાર્થીઓમાં રહેલી સર્જનાત્મકતાનો તથા કલ્પનાશક્તિનો વિકાસ થાય છે. આ એક ખૂબ જ આકર્ષક, રસપ્રદ અને સચોટ અસર કરતો વિષય છે.

## 11. પ્રોજેક્ટ કાર્ય

પ્રોજેક્ટ કાર્ય કરવાની પદ્ધતિથી આપ સુપેરે પરિચિત છો જ. ટૂંકમાં પ્રોજેક્ટ એટલે પસંદ કરેલ વિષયનું ઊંડાણપૂર્વકનું તમે તૈયાર કરેલું સાહિત્ય જેમાં મુલાકાત હોઈ શકે, ફોટોગ્રાફ હોઈ શકે, વિગતે માહિતી આવી શકે વગેરે. કલા વિષયના પ્રોજેક્ટ મુખ્યત્વે નીચે આપેલા ત્રણ વિભાગોમાંથી કોઈ પણ એક વિભાગમાં આવી શકે. જેમાં આપેલા મુદ્દાઓ લઈ શકાય તથા અન્ય કોઈ મુદ્દો ઉમેરી પણ શકાય.

નીચે આપેલ વિષયો પૈકી કોઈ પણ બે પ્રોજેક્ટ તૈયાર કરવા. જેમાં એક પ્રોજેક્ટ મુલાકાત આધારિત અને બીજો પ્રોજેક્ટ ઇન્ટરનેટના માધ્યમથી કરવો.

| **વ્યક્તિ વિશે** | **કલા-સ્થાપત્યો વિશે** | **લોકસંસ્કૃતિ વિશે** |
|---|---|---|
| • વ્યક્તિની સંપૂર્ણ વિગત<br>• તેમની કામ કરવાની શૈલી<br>• કાર્યોના ફોટોગ્રાફ<br>• કૃતિના ફોટોગ્રાફ<br>• મળેલ પારિતોષિક | • જે-તે સ્થાપત્યોની ઐતિહાસિક વિગત<br>• ફોટોગ્રાફ<br>• ભૌગોલિક સ્થિતિ<br>• જુદી જુદી જગ્યાએથી થતું અંતર | • જે-તે વિસ્તારમાં થતું સમૂહકાર્ય, વ્યક્તિગત કાર્ય<br>• નમૂનાના ફોટોગ્રાફ<br>• નમૂનો બનાવવાની રીત<br>• અંદાજિત સમય, ખર્ચ |
| **વિષયો** | | |
| • ચિત્રકાર વિશે<br>• શિલ્પકાર વિશે | • સ્થાનિક સ્થાપત્યો<br>• વાવ<br>• મંદિરો<br>• ગુફાઓ | • સૌરાષ્ટ્રનું ભરતગૂંથણ, ચાકળા, તોરણ અન્ય સુશોભનની વસ્તુઓ<br>• જુદા જુદા વાસણો, સુશોભનો<br>• મેળાઓ<br>• ભીંતચિત્ર |

# 2. હસ્તકલા (ક્રાફ્ટ)

## 1. પ્રસ્તાવના

લલિતકલાઓના માધ્યમ તરીકે આપણી પારંપરિક લોકકલાઓને આપણે નજરઅંદાજ કરી શકીએ તેમ નથી. આપણા લોકજીવન સાથે વણાયેલી વિવિધ હસ્તકલાઓ પણ આપણી જીવનરિતીનો એક ભાગ જ છે. તેનું પરિચયાત્મક શિક્ષણ એક શિક્ષક તરીકેના ઘડતરમાં મહ્ત્ત્વનું બની રહેશે.

## 2. હસ્તકલા(ક્રાફ્ટ)ની ઐતિહાસિક ભૂમિકા

હસ્તકલાના વિકાસ પર એક નજર કરીએ તો મોહેં-જો દડોના ઉત્ખનન દરમ્યાન મળી આવેલી કુશાણ શિલ્પકૃતિઓ અને અજંતાના ભીંતચિત્રોમાં ભરતકલાની અસર જોવા મળે છે.

મૌર્ય રાજધાની પાટલીપુત્રના જે અવશેષો પટણા નજીકથી મળી આવ્યા છે તે ઉપરાંત મકાનો તથા મહેલોના બાંધકામમાં થયેલા લાકડાંનો ઉપયોગ અને તેનું અલંકીકરણ ઈ. સ. પૂર્વે 300 વર્ષ જૂનું હોવાનું સાબિત થયું છે.

ખાસ કરીને ગુજરાતમાં હુન્નરકલાની પુરાતન શૈલીઓમાં કચ્છની કામાંગર શૈલી (ભીંતચિત્રો) અને દક્ષિણ ગુજરાતમાં સાથિયાનો મહિમા જોવા મળે છે. જૂનાગઢના સંગ્રહસ્થાનમાં 1888માં પરોવાયેલી મોતીમઢી બળદની ઝૂલ સચવાઈ છે.

ગુજરાતની હુન્નરકલાઓમાં માટીકામ, લોહધાતુકામ, જણસ કારીગરી, લોકભરત, પથ્થરકામ, નકશીકામ, મીનાકારી, કાચ અને ચાંદીકામ, મોચીકામ, વાંસકામ, છાપકામ, ભીંતચિત્રો, સુજનીકામ, સુથારીકામ, ખરાદીકામ, મોતીકામ, વણાટકામ, રમકડાં નિર્માણ ખૂબ જ જાણીતી છે.

## 3. હસ્તકલાનો શાબ્દિક અર્થ, વ્યાખ્યા અને સંકલ્પના

હસ્તકલા - ક્રાફ્ટ (Craft)

- કલા
- કળા
- આર્ટ
- કૌશલ્ય - કુશળતા

**આ હસ્તકલાનો જાણકાર**

- કારીગર
- શિલ્પી
- કરામત, હસ્તકલા, હુન્નર, કારીગીરી (Craftmanship)

હસ્તકલા એટલે હસ્તાંગુલીઓની કેળવણી માટે ઉપયોગી વિવિધ પ્રકારની કલા.

આપણા સમાજજીવનમાં તાણાં-વાણાંની જેમ વણાઈ ગયેલી ભવ્ય લોકકલાઓના હુન્નર / કસબ / કલાકારીગરીને શીખવતી તથા બાળકોના સ્વ-સર્જનને પોષતી વિવિધ પ્રકારની કલા એટલે હસ્તકલા કારીગીરી.

હસ્તકલા શબ્દના મુખ્ય બે અર્થ થાય છે : (1) હાથ વડે કરાતી કલા. જેમ કે, ચિત્રકલા, શિલ્પકલા. (૨) હાથ વડે બનાવાતી હસ્તોદ્યોગની વસ્તુઓ. જેમ કે ખાદી, નેતરકામ. આદિકાળમાં માણસને બધા કામ જાતે, પોતાના હાથે કરવાં પડતાં.

## 4. હસ્તકલાના હેતુઓ

4.1 હસ્તકલા બાળકની સર્જનાત્મકતા અને કલાકારીગરીને વિકસાવે છે.

4.૨ હસ્તકલા કૌશલ્યનો ઉપયોગ બાળક તેના શાળા પર્યાવરણ, વર્ગખંડ અને ઘરમાં પણ કરી શકે છે.

4.3 હસ્તકલાઓ ભાતીગળ સંસ્કૃતિનો ભવ્ય વારસો છે તે જાણી બાળકો તેનું જતન કરતાં શીખે છે.

## 5. હસ્તકલા દ્વારા કૌશલ્યોનો વિકાસ

5.1 **વિદ્યાર્થી-પર્યાવરણ સંબંધ** : વિદ્યાર્થીને તેના આસપાસના પર્યાવરણ સાથે જોડે છે.

5.2 **સામાજિક કૌશલ્ય** : સહનશીલતા, સમજદારી અને વ્યક્તિક ભિન્નતાને પ્રોત્સાહિત કરી લોકસમુદાયને સશક્ત બનાવે છે.

5.3 **માહિતી પ્રત્યાયન કૌશલ્ય** : ઉપલબ્ધ માહિતીનું જોડાણ અને વિશ્લેષણ કેવી રીતે કરવું તે શીખે છે.

5.4 **તાર્કિક કાર્યકારણ કૌશલ્ય** : વિવિધ અભિપ્રાયોને આધારે તાર્કિક કાર્યકારણ સંબંધને ઓળખે છે અને પોતાની ભાષામાં રજૂ કરે છે.

5.5 **શોધ કૌશલ્ય** : પરસ્પર પ્રશ્નોત્તરી કરીને પ્રવૃત્તિઓનું આયોજન કરે છે અને પોતાના વિચારો-વલણોમાં સુધારો કરે છે.

5.6 **સર્જનાત્મક કૌશલ્ય** : શાળાના વિવિધ પ્રકલ્પમાં સહભાગીદારી નોંધાવીને વ્યક્તિગત ભાવોને કલાના માધ્યમથી રજૂ કરે છે. વ્યક્તિગત બદલાવ માટે નૂતન અભિગમનું સર્જન કરે છે અને કામની જવાબદારી જાતે ઉપાડીને ભૂલોમાંથી શીખે છે.

## 6. ગુજરાતમાં જોવા મળતી હસ્તકલા

### 6.1 રાદીકામ / લાકડા ઉપરની કોતરણી

લાકડાની કોતરણી આશરે બારમી સદીમાં શરૂ થયેલી.

જે બે પ્રકારે જોવા મળે છે.

આકૃતિ ચિત્રો, પદાર્થ ચિત્રો - હિન્દુ શૈલી

ભૌગોલિક / ફૂલ પાંદડાની ડિઝાઇન - મુસ્લિમ શૈલી

ખરાદીકામની કલા સંખેડા જિ. વડોદરા તથા ઈડર જિ. સાબરકાંઠામાં લાકડા ઉપર કોતરણી, રમકડાં અને ફર્નિચર સ્વરૂપે જોવા મળે છે.

**6.2 હાથસાલ બનાવટ પટોળા**

પટોળા પાટણ જિલ્લો તથા સાયલા જિ. સુરેન્દ્રનગરમાં વણવામાં આવે છે.

ધાબળા-શાલનું વણાટકામ ભુજોડી, જિ. કચ્છમાં થાય છે.

**6.3 બાંધણીકામ**

બાંધણી વઢવાણ જિ. સુરેન્દ્રનગર તથા જામનગર જિલ્લામાં થાય છે.

**6.4 ખત્રીકામ / બાટીક પ્રિન્ટીંગ**

ધમાડકા તથા અરજમપુરા, જિ. કચ્છમાં કાપડ ઉપર પ્રિન્ટીંગ કરવામાં આવે છે.

**6.5 ચિતારા / રંગાટીકામ**

માતાની પછેડી તથા ચંદરવા ઉપર ચિતારાકામ વાસણા, જિ. અમદાવાદમાં થાય છે.

**6.6 રોગાનકામ**

કાપડ ઉપર રંગ કરવાની કલા નિરોણા, જિ. કચ્છમાં જોવા મળે છે.

**6.7 બ્લૉક પ્રિન્ટીંગ (ભાતકામ)**

બ્લૉક પ્રિન્ટીંગ કામ જેતપુર, જિ. રાજકોટમાં જોવા મળે છે.

**6.8 ચિત્રકામ**

છોટાઉદેપુરના રાઠવા કોમના ઘરોની દીવાલો ઉપર પિથોરા શૈલીના ચિત્રો જોવા મળે છે.

**6.9 ધાતુકામ**

ગોંડલ, જિ. રાજકોટમાં સાગનું લાકડું/પતરા ઉપર કોતરણી કરવામાં આવે છે.

**6.10 કંસારાકામ**

તાંબા-પિત્તળની ધાતુના વાસણો વિસનગર જિ. મહેસાણા તથા શિહોર, જિ. ભાવનગર ખાતે કંસારા લોકો બનાવે છે.

**6.11 સિરામિક ઉદ્યાગ**

ઘરબનાવટની ટાઈલ્સ તથા વાસણો થાનગઢ, જિ. સુરેન્દ્રનગરમાં સિરામિક ઉદ્યોગમાં બનાવવામાં આવે છે.

**6.12 પથ્થરકામ**

અકીકના પથ્થરો ઉપર પોલિસ કરીને ખંભાતમાં ઘરેણાં બનાવવામાં આવે છે.

**6.13 ટેરાકોટા**

ટેરાકોટાની કલા દ્વારા પોશીના જિ. સાબરકાંઠાના ગરાસિયા આદિવાસી કોમના લોકો ઘોડાદેવી બનાવે છે.

**6.14 સુજનીકામ**

કાપડના ટુકડાઓને સીવીને તેમાં રૂ ભરીને ભરૂચમાં સુજનીકામ થાય છે.

**6.15 બિડવર્ક/લોહધાતુકામ**

બિડવર્ક/લોહધાતુકામ ગોંડલ, જિ. રાજકોટ તથા નિરોણા જિ. કચ્છમાં કરવામાં આવે છે.

**6.16 ચર્મકલા**

ચર્મકલામાં હોડકા, ધ્રોલાણા તથા બન્ની વિસ્તારમાં (કચ્છ જિલ્લો) ચામડામાંથી ચંપલ, પર્સ, અરિસા નિર્માણ કરવામાં આવે છે.

**6.17 ભરતકામ**

રબારી ભરત : દસાડા જિ. સુરેન્દ્રનગરમાં થાય છે.

આહિર ભરત : ધાનેરા, જિ. બનાસકાંઠા તથા વરનોરા અને મામુઆર, જિ. કચ્છમાં જોવા મળે છે. કચ્છી/રબારી/બખીયા ભરત : ટુંડાવાંઢ ગામના પઠાર લોકોમાં આ કલા જોવા મળે છે.

## 7. હસ્તકલા (ક્રાફ્ટ) નમૂનાનું પ્રવૃત્તિકાર્ય

હસ્તકલા દ્વારા માટીકામ, કોલાજવર્ક, છાપકામ, ચીટકકામ, મહોરાં, પપેટ વગેરે બનાવીને શિક્ષણકાર્ય કરાવી શકાય છે.





માટીકામ





કોલાજવર્ક





છાપકામ





ચીટકકામ





મહોરાં

# 3. નાટ્યકલા (રંગમંચ)

## 1. પ્રસ્તાવના

બાળકોના ઘડતર માટે નાટક એ સર્વ લલિતકલાઓમાં શ્રેષ્ઠ માધ્યમ જણાયું છે. જાણે-અજાણે બાળક નાનપણથી આ કલા અપનાવે છે. કોઈ પાત્રની અદાકારી કરવી - બાળક સમજતું થાય છે ત્યારથી તે જે અવલોકન કરે છે તેનું અનુકરણ કરે છે. અન્ય વ્યક્તિઓનું અવલોકન કરી તે નખ-શીખ તેવો જ અભિનય કરવા પ્રયત્ન કરે છે અને જાણે-અજાણે નાટ્યકલા સાથે સંકળાઈ જાય છે. નાનપણમાં પોતાના માતા-પિતા, ભાઈ-બહેન તથા અન્ય સ્નેહીજનોનું અવલોકન કરી જાતે તે પાત્રમાં સમાઈ જાતે જ સંવાદો નક્કી કરી, સ્ક્રીપ્ટની પણ જરૂર ન રહે તેમ મૌખિક રીતે જ નાટક તૈયાર કરી દે છે. આમ "ઘર-ઘર", "શાળા-શાળા"ની રમત રમે છે અને અજાણપણે તે નાટ્યકલાકાર બને છે. જો બાળકની આ ક્રિયાને ધ્યાનમાં લઈ તેની આ શક્તિનો ઉપયોગ વિષયવસ્તુ શીખવવામાં કરવામાં આવે તો તે ખૂબ જ સહેલાઈથી જ્ઞાન મેળવે છે.

નાટ્યકલા સતત ગતિશીલ હોવાથી બાળકોમાં એકાગ્રતા, ભાષા અને જ્ઞાન સાથે આત્મવિશ્વાસ કેળવાય છે. બધા બાળકો ભેગા થઈને નાટક ભજવે છે ત્યારે તેઓ સમૂહમાં એક-બીજાના સહકારથી કામ કરતા શીખે છે. આમ બાળકોના જીવનમાં નાટક મહત્ત્વનો ભાગ ભજવે છે અને રમતાં-રમતાં તેઓનો સર્વાંગી વિકાસ થાય છે. બાળકની આ શક્તિનો ઉપયોગ પ્રશિક્ષણાર્થીઓએ શિક્ષણમાં કેવી રીતે કરવો અને વિષયવસ્તુ સહેલાઈથી કેવી રીતે શીખવાય તે જાણવું ખૂબ જ જરૂરી બને છે.

## 2. શિક્ષણમાં નાટકની ભૂમિકા

બાળક ચંચળ હોવાથી તેને એક જગ્યાએ બેસી એક ધ્યાનથી શિક્ષક ભણાવે તેમાં રસ પડતો નથી. માટે બાળકની ચંચળવૃત્તિને ધ્યાનમાં લઈને શિક્ષણપ્રથામાં પ્રવૃત્તિનો સમાવેશ કરવો જ રહ્યો. જેથી ઓછી મહેનતે બાળક લાંબા ગાળા સુધી યાદ રહે તેવું જ્ઞાન પ્રાપ્ત કરે. આવું જ્ઞાન આપવાનું ઉત્તમ માધ્યમ નાટક છે કે જે બાળકે નાનપણથી જ અનુભવેલું છે. બાળપણમાં અજાણતા જ ભજવેલું ઘર-ઘર રમત રમેલું નાટક પોતે જાતે જ તૈયાર કરેલું છે. આવી તેની ગમતી આ નાટક પ્રવૃત્તિનો ઉપયોગ શિક્ષણમાં કરવાથી ઘણાં ફાયદા થાય છે.

## 3. નાટ્યકલાના હેતુઓ

- નાટક દ્વારા એકાગ્રતા કેળવાય છે.
- નાટક દ્વારા ભાષાનું જ્ઞાન વધે છે.
- નાટક દ્વારા આત્મવિશ્વાસ વધે છે.

- નાટક દ્વારા નિરીક્ષણશક્તિ વિકસે છે.
- નાટક દ્વારા કલ્પનાશક્તિ વિકસે છે.
- નાટક દ્વારા સર્જનશક્તિ વિકસે છે.
- નાટક દ્વારા સહકારની ભાવના કેળવાય છે.
- નાટક દ્વારા એકતા વધે છે.
- નાટક દ્વારા સર્વાંગી વિકાસ થાય છે.

પ્રશિક્ષણાર્થીઓએ પોતાના દરેક વિષયની વિષયવસ્તુ બાબતે મનોમંથન કરી તેમાં જે-તે વિષયના અવલોકન બાદ તેના જે-તે વિષયવસ્તુના મુદ્દા અલગ તારવવા. તેમાં કેવા પ્રકારનું નાટક તૈયાર કરી શકાય તે નક્કી કરી, દરેકની સ્ક્રીપ્ટ તૈયાર કરી નાટક દ્વારા એકમની સમજ આપવાથી તે ખૂબ જ અસરકારક નીવડે છે. ઓછી મહેનતે અને ઉત્સાહથી બાળકો એકમની સુંદર સમજ મેળવે છે.

## 4. નાટ્ય – વ્યાખ્યા અને સંકલ્પના

લોકોના સુખ દુઃખાત્મક સ્વભાવ, તે અંગ વગેરેના અભિનયથી યુક્ત થતાં (એટલે કે તેનાથી દર્શાવાતાં) નાટ્ય કહેવાય છે.

નાટ્યકળા એ ભજવવાની કળા છે. તે અભિનયના માધ્યમથી પહોંચે છે. સાહિત્યકૃતિમાં તો પાત્રો, પરિસ્થિતિઓ, તેમની શક્તિઓ, શારીરિક અને માનસિક પ્રતિક્રિયાઓ વગેરે સઘળું શબ્દો દ્વારા જ રજૂઆત પામે છે, પણ નાટકમાં એ બધું નક્કર સ્વરૂપે પ્રકટે છે. આ બધી જ સામગ્રી રંગભૂમિ પર જોવા મળે છે. આથી જ નાટકની એક વધુ વ્યાખ્યા આપતાં ભરત જણાવે છે કે, લોકોનો સુખદુઃખથી યુક્ત સ્વભાવ 'આંગિક વગેરે' અભિનયથી રજૂઆત પામે તેને 'નાટ્ય' કહે છે. 'આંગિક વગેરે' એટલે આંગિક, વાચિક, સાત્વિક અને આહાર્ય-ચતુર્વિધ અભિનય એવો નિર્દેશ તેમણે કર્યો છે.

## 5. નાટક – વ્યાખ્યા અને સંકલ્પના

'નાટક' એટલે નટ દ્વારા રજૂ થતી કળા. વિવિધ માનવ અવસ્થાઓનું અનુકરણ નટ કરે ત્યારે એમાંથી નાટક સર્જાય છે. "નાટક" શબ્દ નટ ધાતુમાંથી ઉત્પન્ન થયો છે. ભરતના નાટ્યશાસ્ત્રમાં કહ્યું છે કે ઋગ્વેદમાંથી થાઠ, સામવેદમાંથી ગીત, યજુર્વેદમાંથી અભિનય અને અથર્વવેદમાંથી રસ લઈને પાંચમા નાટ્યવેદની રચના કરવામાં આવી છે. આમ નાટક કે નાટ્યને શબ્દ, નૃત્ય, સંગીત એ દરેકની સાથે સંબંધ છે. તેથી એ એક વિશિષ્ટ કળા બને છે.

નાટક એ એક પ્રબંધ છે. નાટક બે જાતના હોય છે : શ્રાવ્ય એટલે માત્ર શ્રવણ કરવા યોગ્ય અથવા તો કથારૂપ અને **દૃશ્ય** એટલે જોવા યોગ્ય કે ભજવવા યોગ્ય.

ભગવદ્ગો-મંડળમાં આપવામાં આવેલા 'નાટક' શબ્દના અર્થ મુજબ નિમ્નાંકિત બાબતો તારવી શકાય.

1. નાટક એ અનુકરણ છે.
2. નાટક માટે ઐતિહાસિક કે સાહિત્ય-વિષયક પ્રસંગ જરૂરી છે.
3. નાટકમાં વેશ અને વાણી દ્વારા અનુકરણ કરવામાં આવે છે.
4. નાટક એ આકૃતિ, હાવભાવ, વેશ, વર્ણન વગેરે બાબતો સમાવતું પ્રદર્શન છે.
5. નાટક કથારૂપ પણ હોય. દા.ત., વિવિધ આખ્યાન. નાટક **દૃશ્ય**રૂપ પણ હોય. દા.ત., શાકુન્તલ.
6. નાટક **દૃશ્ય**-શ્રાવ્ય છે.
7. નાટકમાં વિવિધ રસ જરૂરી છે.
8. નાટકમાં વિવિધ અંક હોવા જોઈએ.
9. નાટકનો અંત મંગળકારી હોવો જોઈએ.

"નાટક એટલે ક્રિયાશીલ પાત્રો વડે રચાતા પ્રસંગોની પરંપરા દ્વારા રજૂ કરેલી કથા" - (ધનંજય ઠાકર "નાટક લેખન" પુસ્તકમાંથી)

"બાળકો માટે, બાળકોની સાથે રહીને અથવા બાળકો સાથે આંતર વ્યવહાર કરીને લખાયેલું, બાળકોના ભાવજગત — સંવેદનાને અનુરૂપ અને સંબંધિત વિષયવસ્તુવાળું, બાળકોને સરળતાથી સમજ તથા મજા પડે, સાથોસાથ મોટેરાંઓને પણ રસ પડે તેવું, બાળકો કે મોટેરાંઓ કે બંને દ્વારા ભજવી શકાય તેવું નાટક એટલે બાળનાટક" (ડૉ. વિજય સેવક "બાળનાટકની બારાખડી" માંથી)

## 6. નાટકની ત્રણ પ્રકારની મર્યાદાઓ

6.1 રંગભૂમિની મર્યાદા

6.2 પ્રેક્ષકોની રુચિ

6.3 નટોની શક્તિની મર્યાદા

## 7. નાટકનાં છ અંગો

7.1 વિષય (થીમ)

7.2 કથા (પ્લૉટ)

7.3 પાત્રાલેખન (કૅરેક્ટર્સ)

7.4 સંવાદો (ડાયલૉગ)

7.5 **દૃશ્ય**રચના (સીનરી)

7.6 સંગીત (મ્યુઝિક)

## 8. બાળનાટકની રચના

બાળનાટકની રચના કરતી વખતે પ્રશિક્ષણાર્થીએ નીચેનાં મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જરૂરી છે.

### 8.1 પાત્રો



વર્ગમાં ભણતા બાળકોની આવડત-દેખાવ તથા ક્ષમતા અનુસાર પાત્રો નક્કી કરે અને તે બાળકોને વાર્તાની-સ્ક્રીપ્ટની સમજ આપી તેના સંવાદ તૈયાર કરાવી શકાય.

### 8.2 સંવાદ



પ્રશિક્ષણાર્થી બાળકો પાસે બાળનાટકો કરાવવાનો એકમ નક્કી કરે. ત્યારબાદ તેમાં કેટલા પાત્રો છે તેનું તારણ કાઢી તે પાત્રો દ્વારા રજૂ કરવાના સંવાદોની સ્ક્રીપ્ટ તૈયાર કરવી. તેમનો સાદી-સરળ ભાષામાં વાર્તાલાપ કરાવી તેમની કક્ષા મુજબ સંવાદલેખન તૈયાર કરી શકે.

### 8.3 હાવભાવ-અભિનય



બાળકો સંવાદ બરાબર સમજીને બોલે. તેમાં તે આરોહ-અવરોહ તથા સંવાદનો ભાવ લાવે તેની સમજ આપવી ખૂબ અગત્યની છે. સાથે-સાથે શરીરના અંગોનું યોગ્ય હલન-ચલન તથા સ્થળ હેરફેરનો સંવાદ સાથે સમન્વય સધાય તેનો ખ્યાલ આપવાથી નાટકનો ખરો ભાવ પ્રદર્શિત થશે.

### 8.4 સંગીત



નાટકમાં સંગીત પણ અગત્યનો ભાગ ભજવે છે. યોગ્ય પરિસ્થિતિઓ પ્રમાણે સંગીતના તાલ આપવા તથા વચ્ચે જરૂરિયાત મુજબ ગીત પણ મૂકવાથી દર્શકો પર વાર્તા(સંવાદ)નો પ્રભાવ વધુ પડે છે.

### 8.5 વેશભૂષા

નાટકમાં પાત્રો અનુરૂપ વેશભૂષા ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. સંવાદ-હાવભાવ- સંગીત સાથે જ્યારે વેશભૂષા પણ પાત્રને અનુરૂપ હોય ત્યારે દર્શકો ઉપર તેની ખૂબ ઊંડી અસર પડે છે.

### 8.6 સમયગાળો

નાટકમાં સંવાદો ખૂબ લાંબા ન હોય અને નાટકનો સમયગાળો પણ બહુ લાંબો ન હોય તે ધ્યાનમાં રાખવું. બાળકો એકસાથે યાદ રાખી શકે તે પ્રમાણે ટૂંકમાં વાર્તાનો સાર લઈ સંવાદ ગોઠવી નાટક તૈયાર કરવું.

### 8.7 સ્ટેજ ગોઠવણી

સંવાદ, પાત્રોની રજૂઆત તથા વાર્તા-સંવાદમાં આવતા પર્યાવરણને સ્ટેજ ઉપર દર્શાવવા શક્ય હોય તેટલી જરૂરિયાતના સાધનોની ગોઠવણી કરવી. સાધનો વચ્ચોવચ ન હોય અને દરેક પાત્રને દર્શાવાય તે રીતે સાધનો ગોઠવવા. પાત્રોના ચહેરાઓ દર્શકો સામે રહે તે રીતે સ્ટેજ પરની વસ્તુઓની ગોઠવણ કરવી. કોઈ **દૃશ્ય** સ્ટેજના ખૂણામાં ન ભજવાય તેનું ધ્યાન રાખવું. દર્શકો દરેક પાત્રોને નિહાળી શકે અને પાત્રો સ્ટેજ પર સામે રહે તે રીતે **દૃશ્ય** ભજવાય તેનો ખ્યાલ રાખવો ખૂબ જરૂરી બની રહે છે. સંવાદો પણ ઊંચા અને સ્પષ્ટ અવાજે બોલાય તે જરૂરી છે. સંવાદ બોલતી વખતે પાત્રનું મુખ સ્ટેજ પર દર્શકો સામે હશે તો તે સ્પષ્ટ સંભળાશે તેનો ખ્યાલ રાખવો ખૂબ જરૂરી છે.

## 9. નાટક અને નાટ્યનો તફાવત

આગળ આપણે 'નાટ્ય' અને 'નાટક' વિશે સમજ મેળવી પરંતુ આ બંનેની ભિન્નતા વિશે જાણવું ખૂબ જરૂરી છે.

**નાટ્ય**

- નાટ્ય એ પ્રદર્શનકળા છે.
- નાટ્ય પ્રદર્શનમાં વિવિધ નાટ્ય પ્રવિધિઓનો સમાવેશ થાય છે.
- નાટ્યકળા એ ક્રિયાત્મક છે.
- નાટ્ય પ્રદર્શનકળા હોવાથી રંગમંચ (સ્ટેજ) અનિવાર્ય છે.
- નાટ્યમાં **દૃશ્ય**બંધ, વેશભૂષા, રંગભૂષા ઉપરાંત પ્રકાશ આયોજન-સંચાલન તથા ધ્વનિ આયોજન-સંચાલનનો સમાવેશ થાય છે.

**નાટક**

- નાટક એ સાહિત્ય સ્વરૂપ છે. તેનું પ્રદર્શન થાય તે નાટ્ય માટે જરૂરી છે.
- નાટક લેખિત સ્વરૂપે હોય છે. તેમાં સંવાદો, પાત્રો અને **દૃશ્ય**ની રજૂઆત હોય છે.
- નાટક મંચ વેશભૂષા, રંગભૂષા, પ્રકાશ કે સંગીત આયોજન વિના પણ રજૂ કરી શકાય છે.

## 10. નાટક – સાહિત્ય સ્વરૂપ

નાટક એ સાહિત્યનો વિશિષ્ટ પ્રકાર છે. વિશિષ્ટ એ અર્થમાં કે તે અનિવાર્યરૂપે પ્રદર્શનકળા (Performing) સાથે જોડાયેલો છે. નાટકનું મંચન થવું જરૂરી છે. જો તેનું મંચન થાય તો જ તે પૂર્ણત્વ પ્રાપ્ત કરે છે. આમ, નાટકોનો સંબંધ માત્ર વાચન સાથે જ ન રહેતાં **દૃશ્ય**કળા અને

પ્રદર્શનકળા સાથે બંધાય છે. હર્ષ ભરતે પણ તેમના નાટ્યશાસ્ત્રમાં નાટકને સાહિત્ય ઉપરાંત **દૃશ્ય**કલા સાથે ઓળખાવ્યું છે. તેથી જ નાટકનું સ્વરૂપ વિશિષ્ટ છે.

- નાટક એ વિશિષ્ટ પ્રકાર છે. કેટલાક તેને સાહિત્યપ્રકાર ગણે છે જ્યારે કેટલાક તેને સાહિત્યપ્રકાર ગણવા તૈયાર નથી, એમના મતે નાટક રંગમંચીય કળા છે.
- નાટકને સાહિત્યપ્રકાર ગણીએ તો પણ રંગમંચ પર તે નવો અર્થ ધારણ કરે છે.
- નાટકને નિસબત છે કાર્ય (Action) સાથે. અભિનેતાઓની રંગમંચ પરની પ્રવૃત્તિ સાથે.
- નાટકને જરૂર છે પ્રેક્ષકોની અને કલાકારોની.
- નાટક એ સ્થાયી સ્વરૂપ નથી. દરેક ખેલનો રંગ જુદો હોય છે.
- કેટલાંક નાટકો માત્ર વાંચા માટેના હોઈ શકે.

## 11. નાટક અને નાટકના તત્ત્વો

### 11.1 નાટક – *દૃશ્ય* અને શ્રાવ્ય

પાત્રો દ્વારા સંવાદ બોલાય, ગીત ગવાય, ભાવ-પ્રતિભાવ અપાય, પાત્રો ક્યાં રહે છે તે સ્થળ, તે સમયગાળો, કાળ (Time). તેમાં ક્રિયા પ્રસંગો અને પરિસ્થિતિઓમાંથી પસાર થાય. વાતાવરણ, આનુવંશિકતા, શિક્ષણ, મન પર પડેલા પ્રભાવને આધારે કાર્ય કરે.

એટલે **દૃશ્ય**બંધ (Setting), વેશભૂષા, વસ્તુવિકાસ, પાત્રાલેખન, સંવાદરીતિ (શબ્દોની પસંદગી, શબ્દયોજના, શૈલી), પરિસ્થિતિ, પરંપરા (શૃંખલા-સાંકળ), ગૂંચ-કટોકટી, પરાકાષ્ટા વગેરે નાટકના **તત્ત્વો** છે.

### 11.2 કેવી રીતે આવે – લાવી શકાય?

પ્રથમ વસ્તુ – Theme, તે તેમને જીવનમાંથી મળી આવે.... મનમાં કોઈ વિચાર ઝબકી જાય-ગમી જાય તે વસ્તુ બને. શિક્ષણમાં ભણાવાતા Topicનું હાર્દ તે વસ્તુ-આના દ્વારા લેખકે પોતાના દર્શકો (વિદ્યાર્થીઓ) સુધી પહોંચાડવાનું છે તે પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. (પણ તે બીજસ્વરૂપે જ પ્રથમ હોય.)

### 11.3 વસ્તુવિકાસ (વસ્તુ સંવિધાન) (Plot):

Structure / Development અહીં વસ્તુના નાટયાત્મક અંશોની બાંધણી / ગૂંથણી કરવાની રહે. આમ 'વસ્તુ' જે બીજસ્વરૂપે હોય તે વિકસે. તેને આકાર મળે. વસ્તુ અમૂર્ત હોય તો સંવિધાન દ્વારા તેને મૂર્તરૂપ મળે છે.

### 11.4 પાત્ર અને તેની સંવાદશૈલી

જેવું પાત્ર હોય તેવી તેની ઉક્તિ-વાણી હોય. પાત્ર એ વાણીની સાથે અભિનય (Action) સાંકળવો પડે. પ્રેક્ષકો (વિદ્યાર્થીઓ) સામે જે સમગ્ર 'ઈમેજ' ભાવચિત્ર ઊભું થાય તેમાં શબ્દ અને અભિનય બંને મહ**ત્ત્વ**નાં હોય છે. તેના થકી માનસિક હેતુઓ-ઉગ્ર પરિસ્થિતિ, ચિંતન ઘણું બધું પ્રગટ કરી શકાય છે.

એક કરતાં વધુ પાત્રો પોતાને પ્રગટ કરે એટલે સંવાદ બને.

પાત્રોમાં જુદી જુદી વિચારધારા, વૃત્તિ હોય અને પરિણામે વિરોધી ત**ત્ત્વ**નો સ્વીકાર કરી નાટ્યકાર આગળ વધે. વિસંવાદ બતાવી સંવાદની ભૂમિકા પર આવવાથી રજૂઆત નાટયાત્મક બને.

### 11.5 નાટક આકાર અને આંતરિક વસ્તુઓ (ત**ત્ત્વ**)

### Form+ content

નાટક – સાહિત્ય સ્વરૂપ ગણાય તોપણ તેની **દૃશ્ય**તા અને પરલક્ષિતાને કારણે જુદું પડે છે. વળી તે પ્રયોગલક્ષી અને લોકભોગ્ય પણ છે. એટલે પ્રેક્ષકોને નાટકની વાણી સાંભળવામાં અને નાટક જોવામાં રસ પડવો જોઈએ.

ક્યાંક લેખક પાત્રોક્તિ (Monologue) વાપરી વસ્તુને ઉજાગર કરે – ક્યારેક પાત્ર દ્વારા વ્યક્ત ન થાય તો સમૂહ (Chorus) વ્યક્ત કરે, કોરસ નાટકના આયોજનનો ભાગ બની, નાટકના વિચારનો વિસ્તાર કરે.

આધુનિક નાટકોમાં સૂત્રધાર આ કાર્ય કરે છે. પાત્રના અવ્યક્ત વિચારને પ્રગટ કરવાનું, વધુ સ્પષ્ટ કરવાનું કામ સૂત્રધાર કરે છે. તે કુટુંબની સમજદાર વ્યક્તિ (દાદા-Alien) હોઈ શકે.

વૈચારિક પ્રક્રિયાને વ્યક્ત કરવા સ્વગતોક્તિનો ઉપયોગ થાય છે. વ્યક્તિ પાત્રના મગજમાં શું ચાલી રહ્યું છે, એની વૈચારિક પ્રક્રિયાની વિશેષતા કેવી છે તે સ્વગતોક્તિ પ્રગટ કરે. એનો ક્યાં, કેવી રીતે ઉપયોગ કરવો તે લેખકની કાબેલિયત પર નિર્ભર છે. આધુનિક લેખકો પ્રતીક – Image, Symbolismનો ઉપયોગ કરે છે જે આખા નાટકના વસ્તુને આવરી લે. **દૃશ્ય** ઉપરાંત ધ્વનિ સામગ્રી પણ Symbol બની શકે છે.

પરીઓની દુનિયા ઊભી કરીને, સ્વપ્નનો ઉપયોગ કરીને અથવા મૃત્યુ પછી પ્રગટ થતા પાત્રને મંચ પર લાવી નાટકનું વસ્તુ સારી રીતે પ્રગટ થઈ શકે.

સન્નિવેશ (Setting) કે ઉપકરણ(Property)ની મદદ વિના કેવળ અભિનય દ્વારા નાટકની રજૂઆત થઈ શકે. તેમાં માનવશરીરનો વિવિધ રીતે ઉપયોગ કરી શકાય.

ક્રિયા અને શબ્દ સાથે ચાલવા જોઈએ પણ ક્યારેક જરૂરિયાત પ્રમાણે શબ્દ વગર કેવળ આંગિક અભિનયથી નાટક ભજવાય તેને 'માઈમ' કહેવાય. તેનો અભ્યાસ જરૂરી છે.

નાટક અભિનીત શબ્દની કલા છે. એરિસ્ટોટલ તેને Imitation of action અને ધનંજય अवस्थानु कृतिर्नाटयम् કહે છે. આ તેની રચના સંદર્ભે કહેવાયું છે. તેના તબક્કા જોઈએ.

**આરંભ :** હળવાશ – વિદ્યાર્થીઓને મજા પડે – રસ લેતો કરે તે રીતે.

**અવાજ :** ધીમો – સ્પષ્ટ – જોનારને બરાબર સમજાય તેવો.

**વિકાસ :** ધીમે ધીમે વિષય આગળ વધે સમસ્યા સંઘર્ષ તરફ જાય.

**ગૂંચ :** અહીં પ્રશ્ન ગૂંચવાય, Complication, કટોકટી આવે જે કુતૂહલ પ્રેરે.

**ઉકેલ :** અહીં સમાધાન કે Resolution આવી જાય. (પરાકાષ્ટા)

વસ્તુની ગૂંથણીમાં પણ Economy (લાઘવ), Clarity (સ્પષ્ટતા) અને Interest (રસ)નો સમાવેશ થવો જોઈએ.

નાટકમાં શું બને તેના કરતાં તે કેવી રીતે બને છે, રજૂ થાય છે તે મહત્ત્વનું છે.

Physical Action ભૌમિતિક ક્રિયા નાટકમાં અનિવાર્ય છે. Juxtapose – વિરોધી તત્ત્વો સામસામે મૂકીને દર્શકને સ્પષ્ટતા કરવા તરફ પ્રેરવો.

## 12. નાટ્યાત્મક પ્રસ્તુતીકરણના પ્રકાર


નૃત્યનાટિકા, કઠપૂતળી–Puppet નાટ્યલેખકને દૃશ્યો દેખાવા જોઈએ. Thinking in visual terms. Theatre in Educationમાં શિક્ષણના વિકાસ માટે નાટક અપનાવીએ ત્યારે શિક્ષણ મુખ્ય બને અને નાટક સહાયક તત્ત્વ છે. (નાટક અને નાટકના તત્ત્વો – પ્રા. હરિશ વ્યાસ)


# 13. નાટક તૈયાર કરવાના મુદ્દાઓ















## Designing

| પરિસ્થિતિ/ બનાવ | સમય અને સમયગાળો | | સ્થળ | પાત્રો | વર્ણન | સંદેશો |
|---|---|---|---|---|---|---|
| | | | કેવી રીતે? | ક્રિયાકલાપ ક્યા? | | કેવી રીતે? |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

## જોડાણ/સંધાન

- તાર્કિક
- માની શકાય તેવું એટલે કે વાસ્તવિક
- રસપ્રદ
- કેટલીક પ્રયુક્તિઓ:
  કાળક્રમ, શબ્દ, મુદ્રા, સંગીત વગેરે....

હવે તમારું દૃશ્યવિધાન તૈયાર થશે. (દૃશ્ય, દૃશ્યક્રમ અને તેમની યોગ્યાયોગ્યતા)

## તાર્કિક ક્રમ

| પરિસ્થિતિ/ બનાવ | | સમય અને સમયગાળો | | સ્થળ | પાત્રો | વર્ણન | સંદેશો |
|---|---|---|---|---|---|---|---|
| 1 | | | | કેવી રીતે? | ક્રિયાકલાપ ક્યા? | | કેવી રીતે? |
| 3 | | | | | | | |
| 6 | | | | | | | |
| 2 | | | | | | | |

દૃશ્યજોડાણ અંગે વિચારો.

## લખો



દૃશ્ય અને પાત્રો પ્રમાણે સંવાદ

પ્રથમ કાચો મુસદ્દો

## જરૂરિયાત મુજબ સંપાદન



## પુન: લેખન



- સંતોષ ન થાય ત્યાં સુધી..



## નાટક



તૈયાર છે.

## 14. નાટ્યકલાની પ્રવૃત્તિ

### પ્રથમ સિમેસ્ટર :

**પ્રવૃત્તિ 1**

- બાળકો વારાફરતી એક પછી એક ક્રમ બોલે : 1..2..3..4..5..6..
- આ ક્રમને લયમાં ઝડપથી બોલાવવો. જે ચૂકે તે આઉટ ગણાય. તેણે રમતમાંથી બહાર નીકળી જવાનું રહે.
- આ ક્રમનો લય લહેકા કરીને બોલાવવો.
- આ ક્રમનો લય ઊંચા સ્વરે બોલાવવો.

**પ્રવૃત્તિ ૨**

- આંગિક અભિનય માટે પ્રવૃત્તિ
- શાળામાં ક્યારેક કરાવાતી સમૂહ કવાયત(મોટાભાગની શાળાઓનાં સમયપત્રકમાં હવે આ તાસ હોતો નથી.)ની કસરત સંગીત સાથે કરાવી શકાય. હેતુ માત્ર એટલો જ કે બાળકોના હાથ-પગને કસરત મળે (છૂટા થાય).

### દ્વિતીય સિમેસ્ટર :

**પ્રવૃત્તિ 1**

- બાળકો વારાફરતી એક પછી એક ક્રમ બોલે : 1..2..3..4..5..6..
- આ ક્રમનો લય એક છોકરો ઊંચા સૂરે, બીજો નીચા સૂરે બોલે. જે ભૂલ કરે તે આઉટ.
- ક્રમના ઝૂમખા બોલાવવા. દા.ત., એક છોકરો 1..2..3..4..5.. બોલે, બીજો 6..7..8..9..10.. બોલે, ત્રીજો 11..12..13..14..15.. આમ વાત આગળ વધતી રહે. આમાં પણ વિવિધતા આણી શકાય. ઝડપી, ધીમી ગતિએ, લહેકા કરી ગાતા ગાતા વગેરે રીતે બોલી શકાય.
- આ ક્રમના લયમાં બાળકોને પોતાનું નામ બોલાવવું. તેનાથી લયના સંક્રમણનો ખ્યાલ આવશે તથા બાળકમાં Timing – Rhythm અને તાલનું જ્ઞાન છે કે નહિ તે જાણી શકાશે.

**પ્રવૃત્તિ 2**

- એરોબિકસ એક્સરસાઇઝ કરાવવી. આ એક્સરસાઇઝથી શરીરમાં લચીલાપણું કેળવાય છે. નૃત્યની મુદ્રાઓની સામાન્ય માહિતી આપી શકાય છે.

# 4. નૃત્યકલા

## 1. પ્રસ્તાવના

બાળકમાં થોડી સમજશક્તિ કેળવાતા તેનામાં લય-તાલનું એટલું મહત્ત્વ રહેલું છે કે કોઈ પણ પ્રકારના તાલ-ધૂન સંભળાતા બાળક થનગનવા માંડે છે. આવા થનગનતા બાળકને જ્યારે શાળાએ મોકલવામાં આવે છે ત્યારે તેને બંધન ન લાગે અને શાળાએ આવવાનું મન થાય તે માટે તેમને ભણવા ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓની જરૂર છે. બાળકને ભણવા ઉપરાંત ચિત્ર, રમત, સંગીત, નૃત્ય તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન જરૂરી છે. નાટ્ય, નૃત્ય અને સંગીત આ ત્રણેય કલા બાળકના ઉત્સાહમાં વધારો કરે છે અને બાળકને સ્ફૂર્તિસભર બનાવે છે. નૃત્ય દ્વારા મન પ્રફુલ્લિત રહે છે. શરીરના અંગ-મરોડ દ્વારા દરેક અંગને કસરત મળે છે. હાથ, પગ, આંખ તથા ડોક દ્વારા કસરત થાય છે. જેથી બાળક તંદુરસ્ત રહે છે. નૃત્યનાટિકા દ્વારા શિક્ષણનું મહત્ત્વ વધારી શકાય છે. લોકગીતો, કાવ્યો, બાળગીતો, નૃત્યનાટિકા દ્વારા મહાન વ્યક્તિઓના જીવન-પ્રસંગોની જાણકારી સાહજિકતાથી આપી શકાય છે. પરંતુ બાળકની આ જરૂરિયાતને પૂર્ણ કરવા શિક્ષક-પ્રશિક્ષકને પણ નાટ્ય-નૃત્યની માહિતી હોવી જોઈએ. જો શિક્ષક-પ્રશિક્ષક પણ બાળકોને નૃત્ય દ્વારા એકમ (અભિનય દ્વારા) તૈયાર કરી તેના દ્વારા શિક્ષણ આપવાનો આગ્રહ રાખશે તો શિક્ષક-પ્રશિક્ષક પણ સ્ફૂર્તિમાં રહેશે. ખૂબ જ સહેલાઈથી, ઓછી મહેનતે બાળકને વિષયવસ્તુ શીખવી શકાય.

## 2. નૃત્ય

નૃત્ય એટલે નૃત અને નાટકનો સંગમ. નાટ્ય (નાટક કે કથાનો અંક)

નૃત (તાલબદ્ધ નૃત્યની ચાલ) નૃત્ય એ આદિકાળથી આવતી કલા છે. જ્યારે ભાષા-બોલીની શોધ થઈ ન હતી ત્યારે માનવી ઈશારાથી વાતો કરતો અને અન્ય અવાજો કરતો તથા સાંભળતો. તે મનોરંજન મેળવવા આવા અવાજો સાથે અંગોની કસરત અને હાવભાવ દ્વારા નૃત્ય કરતા શીખ્યો તથા પોતાની કલ્પના પ્રદર્શિત કરતો થયો. આમ નૃત્યની શરૂઆત થઈ. માનવ કુદરતી શક્તિઓથી ડરતો. તેથી તેને રીઝવવા માટે તે નૃત્ય કરતો. તેમાં તે પોતાની ભાવનાને હાવભાવ અને નૃત્ય દ્વારા પ્રગટ કરતો. આ નૃત્ય તે લોકનૃત્ય. ધીમે ધીમે તેનો પદ્ધતિસર વિકાસ થતો ગયો અને સંગીતના સમન્વય સાથે શાસ્ત્રીય નૃત્ય શૈલીનો ઉદ્‌ભવ થયો.

## 3. ભૂમિકા અને મહત્ત્વ

બાળકો એક જ પ્રવૃત્તિ કરી કંટાળી ન જાય તે માટે શાળામાં ભણવા ઉપરાંત અલગ-અલગ પ્રવૃત્તિઓ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. પ્રશિક્ષણાર્થીઓએ આ પરિસ્થિતિ સમજવી ખાસ જરૂરી બને છે. તેથી પ્રશિક્ષણાર્થીઓ માટે જરૂરી છે કે તે ભણવા ઉપરાંત દરેક પ્રવૃત્તિની ભૂમિકા અને જરૂરિયાત સમજે તથા તેને શા માટે કરાવવી તેનું મહત્ત્વ સમજે તો જ તે

બાળકોને જરૂરી એવી નૃત્યનાટિકા અને અન્ય પ્રવૃત્તિઓનું જ્ઞાન મેળવી યોગ્ય સમયે તેને ઉપયોગમાં લઈ શકે. પ્રશિક્ષણાર્થી સાંસ્કૃતિક કાર્યક્રમોમાં નૃત્ય-નાટ્યનો ઉપયોગ તથા સંગીતના ઉપયોગ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ કરી શકે. ''નૃત્ય'' એ બાળક માટે અનેક રીતે ફાયદાકારક છે. નૃત્ય દ્વારા બાળકના અંગને કસરત મળે છે. તેનાથી શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી રહે છે. મન પ્રફુલ્લિત રહે છે. નૃત્યમાં હાવભાવ, અંગમરોડ અને મુદ્રાઓને મહ**ત્ત્વ** આપવામાં આવે છે. હાથની બધી આંગળીઓના અલગ - અલગ નામ તથા તેને અલગ-અલગ રીતે દર્શાવતા અલગ-અલગ અર્થ થાય છે. પ્રશિક્ષણાર્થી દરેક કલાથી જાણકાર હોય તો તે પોતે પણ બાળકોની જેમ તંદુરસ્ત અને પ્રફૂલ્લિત રહી બાળકો સાથે સમન્વય સાધી નૃત્ય દ્વારા એકમ સારી રીતે સમજાવી શકે છે. નૃત્ય દ્વારા અંગ-કસરત, આંગળાની કસરત તથા હાવભાવ દર્શાવવા આંખોની કસરત અને ડોકની કસરત થાય છે. આમ નૃત્ય દ્વારા એકસાથે અનેક ફાયદા થાય છે. નૃત્ય દ્વારા પ્રશિક્ષણાર્થી કાવ્ય, બાળગીત તથા અન્ય એકમને નૃત્યમાં ઢાળી નૃત્યનાટિકા કરાવી તેનું પ્રદર્શન કર્યા બાદ તેનો અર્થ સમજાવી શકે છે. પાત્ર-પરિચય પણ કરાવી શકે છે. પાઠયપુસ્તકમાં આવતા કાવ્યોમાં તથા બાળગીતમાં પણ નૃત્ય અને અભિનય ગોઠવી બાળકોને કરાવવાથી બાળકને તે કાવ્ય તરત યાદ રહી જાય છે. મહાન પુરુષોના જીવન-પ્રસંગો તથા કૃષ્ણલીલા જેવા ઐતિહાસિક પાત્રોની નૃત્ય દ્વારા નૃત્યનાટિકા કરાવી તે મહાન વ્યક્તિના જીવન વિશે માહિતી આપી શકાય છે. આ રીતે મહાન વ્યક્તિના જીવનની જાણકારી મેળવવાથી તે પાત્ર તરત જ યાદ રહી જાય છે.

## 4. બાળગીત-અભિનયગીત

બાળક સમજતું થાય છે ત્યારે તેની આસપાસના વાતાવરણ તથા પર્યાવરણની અનેક વસ્તુઓ અને પરિસ્થિતિઓની સાહજિકતાથી સમજ કેળવે તે માટે નાના-નાના બાળગીતોનો ઉપયોગ/પ્રયોગ કરવામાં આવે છે. જેથી બાળકને તે સમજ રમતાં-રમતાં મળે અને સાથે સાથે રસપ્રદ બને તે માટે પ્રશિક્ષણાર્થી તે ગીતના શબ્દોને અને અર્થ અનુરૂપ પ્રક્રિયા કરી નૃત્ય દ્વારા અભિનયગીત કરાવી તે એકમને સુંદર રીતે બાળકના અંતર સુધી તેનો તાલ-ગીતના શબ્દો જીવનભર યાદ રહી જાય તે રીતે હર્ષ-ઉલ્લાસથી અને ઉત્સાહથી અભિનય કરે છે તથા તેનો અર્થ સમજે છે. દા.ત., "વહેલી સવારે ઊઠવું ગમે...."

આ પંક્તિ અભિનય સાથે કરાવવાથી તે એકમ એટલે કે સવારે વાતાવરણમાં કેવી કેવી વિશેષતા હોય છે તેની માહિતી સમજે, સાથે સાથે શારીરિક કસરત કરી સક્રિય બને અને તંદુરસ્ત રહે. આમ નૃત્ય દ્વારા અનેક ફાયદા થાય છે. બાળક પોતાની કક્ષા અનુરૂપ બાળગીત - અભિનયગીત કરે. પ્રશિક્ષણાર્થીઓએ દરેક ઉંમરના બાળક અનુરૂપ એકમના અનુસંધાને બાળગીત તથા અભિનયગીતમાં બાળકની કક્ષા અનુરૂપ નૃત્ય અને અભિનય કરાવવાની ક્ષમતા સિદ્ધ કરવી ખૂબ જ જરૂરી બની રહે છે.

# 5. ભારતીય શાસ્ત્રીય નૃત્યના પ્રકારો

## 5.1 ભરતનાટ્યમ્

ભરતનાટ્યમ્ એ હાવભાવ, રાગ, તાલ અને નાટ્ય (શાસ્ત્રીય સંગીત નાટિકા) પરથી ઊતરી આવ્યું છે. આજે તે સૌથી પ્રખ્યાત અને સૌથી વધુ પ્રસ્તુત થતી નૃત્યશૈલી છે તથા સમગ્ર વિશ્વમાં ઘણાં નર્તકોએ આ નૃત્યશૈલી અપનાવેલી છે. પ્રાચીન સમયમાં આ નૃત્યશૈલી મંદિરોમાં દેવદાસીઓ દ્વારા "દાસીત્તમ" તરીકે પ્રસ્તુત કરાતી. ઘણા હિન્દુ મંદિરો પર કોતરેલા શિલ્પો ભરતનાટ્યમની મુદ્રાઓ સ્પષ્ટ કરે છે.

ભરતનાટ્યમ્ એ એક નર્તક નૃત્ય હોય છે. જેના બે આયામ હોય છે : "લસ્ય" – જેમાં સ્ત્રીસહજ લાલિત્યપૂર્ણ રેખાઓ અને ચાલ હોય છે તથા "તાંડવ" - આનંદ તાંડવ (શિવનું તાંડવ) મર્દાના આયામ છે. એમ પણ મનાય છે કે ભરતનાટ્યમ્ એ શાશ્વત વિશ્વના અસ્તિત્વને ભૌતિક શરીરના શૃંગાર કરીને ઉજવવાની પ્રાચીન વિચારધારાના પ્રતીકસમું નૃત્ય છે. ભરતનાટ્યમ્ એ સંગીતનું મૂર્ત સ્વરૂપ છે, એક ઉત્સવ છે અને ભક્તિ દર્શાવવાનું એક માધ્યમ છે. ભરતનાટ્યમના ત્રણ મહત્ત્વના અંગો છે :

- નૃત (તાલબદ્ધ નૃત્યની ચાલ)
- નાટ્ય (નાટક કે કથાનો અંક)
- નૃત્ય (નૃત અને નાટ્યનો સંગમ)

## 5.2 કથકલી

કથકલી એ એક લાલિત્યપૂર્ણ ભારતીય શાસ્ત્રીય નૃત્યનાટિકાનો પ્રકાર છે. આ નૃત્ય તેના નર્તકોના આકર્ષક શૃંગાર, વિસ્તૃત વેશભૂષા, સૂક્ષ્મ હાવભાવ અને સંગીત સાથે તાલમેલ મેળવતી ખાસ વ્યાખ્યાયિત શારીરિક મુદ્રાઓ માટે પ્રસિદ્ધ છે. આ નૃત્યની શરૂઆત 17મી સદી દરમ્યાન આજના કેરળ ક્ષેત્રમાં થઈ અને તે પછીના કાળમાં નવા દેખાવ, વધુ સૂક્ષ્મ હાવભાવ, નૂતન વિષયો, નવા સંગીત અને વધુ ચોક્કસ તાલ આદિ સાથે વિકસતું રહ્યું છે.

કથકલીની શરૂઆત પ્રાચીન કાળની રામનટ્ટમ અને કૃષ્ણનટ્ટમ નામની પારંપરિક નૃત્યનાટિકામાં થઈ. આટ્ટમનો અર્થ છે પાત્ર ભજવવું. ટૂંકમાં કથકલી એ બે મુખ્ય હિંદુ દેવો – રામ અને કૃષ્ણના જીવનની કથાને નૃત્યનાટિકામાં પ્રદર્શિત કરતી કળા છે.

કથકલી પાંચ કલાઓનું મિલન મનાય છે :

- **ભાવ** (નાટ્યમ્, અહીં ચહેરાની ભાવભંગિમા દ્વારા અભિવ્યક્તિ પર જોર અપાય છે.)
- **નૃત્ય** (નૃતમ્, તેમાં નૃત્ય સાથે શરીર, હાથ, પગ આદિના હલન ચલન પર ભાર અપાય છે.)
- **મુદ્રા** (નૃત્યમ્, આમાં હાથની મુદ્રાઓ દ્વારા ક્રિયા વ્યક્ત કરાય છે.)

- **ગાન**, મોઢેથી ગવાતું ગીત
- **વાદ્યમ**, સંગીત વાદ્યોનો પ્રયોગ

આ ઉપરાંત ગીતના શબ્દો પણ એક અંગ છે, જેને સાહિત્યમ્ કહે છે. તે ગીત-સંગીતનો એક ભાગ મનાય છે. કેમ કે તેને નૃતમ્, નૃત્યમ્ અને નાટ્યમનો માત્ર સહાયક મનાય છે.

કથકલીમાં વાર્તાને હાથની મુદ્રાઓ અને ચહેરાના હાવભાવ દ્વારા સજીવ કરાય છે. ચહેરાના ભાવ નાટ્યશાસ્ત્ર પરથી ઊતરી આવ્યા છે. આ સિવાય નર્તક આંખની કીકીના હલન-ચલનની ખાસ તાલીમ પણ લે છે. તેમાં કુલ ૨4 મુદ્રાઓ છે. જો બંને હાથે સમાન મુદ્રા કરાય તો તે સમાન મુદ્રા કહેવાય છે. પણ બે હાથે બે જુદી જુદી મુદ્રાઓ દર્શાવીને મિશ્ર મુદ્રા રચાય છે. આ વાર્તા કહેવાની ઈશારાની ભાષા છે.

કથકલીના ભાવ મુખ્યત્વે નવરસ પર આધારિત છે : શૃંગાર, હાસ્યમ્, ભયાનકમ્, કરુણમ્, રૌદ્રમ્, વીરમ્, બીભત્સમ્, અદભુતમ્ અને શાંતમ્.

કથકલી મોટાભાગે પુરુષો કરે છે. સ્ત્રીપાત્ર પણ પુરુષ જ ભજવે છે. કારણ તેની વેશભૂષા ખૂબ જ વજનદાર હોવાથી આ નૃત્ય મોટાભાગે પુરુષો કરે છે.

### 5.3 ઓડિસી નૃત્ય

ઓડિસી એ ભારતના શાસ્ત્રીય નૃત્યમાંનો એક પ્રકાર છે. તેનું ઉદ્દગમસ્થાન પૂર્વ ભારતનું ઓરિસ્સા રાજ્ય છે. આ નૃત્ય ભારતની સૌથી જૂની નૃત્યશૈલી છે. અન્ય ભારતીય શાસ્ત્રીય નૃત્યથી આ નૃત્યને અલગ પાડતી મુખ્ય વાત છે આ નૃત્યમાં અપાતું "ત્રિભંગી" મહ**ત્ત્વ**. ત્રિભંગી એટલે ત્રણ ટુકડા. આ ત્રિભંગી એટલે માથુ, છાતી અને પેડુની એકબીજાથી સ્વતંત્ર ચલન અને "ચૌકા" તરીકે ઓળખાતી ચતુષ્કોણાકૃતિ.

ઓડિસી સંગીત જુદુ હોય છે. કલ્યાણ, નટ, શ્રીગોવડા, બરદી, પંચમ, ધનશ્રી, કર્ણટ, ભૈરવી અને શોકબદરી એ ઓડિસીના મુખ્ય રાગો છે. ઓડિસી સંગીતને રાગાંગ (રાગ અંગ), ભાગાંગ (ભાવ અંગ) અને નાટયાંગ ધ્રૂવપદંગ (ધ્રુવપદ અંગ) અને ત્યાર પછી ચમ્પુ, છંદ, છૌતીસા. પલ્લવી, ભજન, જનના અને ગીત ગોવિંદના માધ્યમથી ગવાય છે. આને ઓડિસીનું નાટ્યાવલોકન પણ કહે છે. ઓડિસી નૃત્યનું પોતાનું વ્યાકરણ હોય છે. જેને ખાસ રાગ દ્વારા રજૂ કરાય છે અને તેનું ખાસ અર્થઘટન હોય છે. તે શાબ્દિક હોય છે અને તેને સ્વરનું અલંકરણ હોય છે. ગાયનની ઝડપ ન તો બહુ તેજ કે ન તો બહુ ધીમી હોય છે.

### 5.4 મણીપુરી

મણીપુરી નૃત્ય ભારતના મણીપુર રાજ્યનું છે. આ નૃત્યનો પહેરવેશ કડક ઘેરદાર ચણિયો, તેના પર ઘેરદાર સ્કર્ટ અને પાતળી ઓઢણી હોય છે. પુરુષો પિતાંબર પહેરે છે અને ખભે પટ્ટો નાંખે છે. આ નૃત્ય સ્ત્રી - પુરુષ બંને કરે છે. આ નૃત્ય કૃષ્ણ લીલા, રાધા-કૃષ્ણ અને ગોપીઓ વચ્ચેના

પારસ્પરિક પ્રેમના પ્રસંગો પર આધારિત હોય છે. આ નૃત્યનો આધાર હાથ અને પગ પર આધારિત અંગ-મરોડ અને પગની પાની તથા પંજા પર રહેલો છે. આ નૃત્ય કોમળ અને લચકદાર હોય છે.

### 5.5 કથ્થક

કથ્થક એ હિંદુ અને મુસ્લિમ સંસ્કૃતિને સંયુક્ત રીતે વણી લેતું નૃત્ય છે. તેમાં એક પગ ઉપર ગોળ-ગોળ ફરવું અને નૃત્યના પ્રસંગો પ્રદર્શિત કરવા તે મહત્ત્વનું પાસું છે. આ નૃત્યમાં સ્ત્રીઓ ચૂડીદાર પાયજામો અને ઘેરદાર ટોપ પહેરે છે. દેવદાસીઓ આ નૃત્યનો વધુ ઉપયોગ કરતી.

### 5.6 કૂચીપૂડી

કૂચીપૂડી ભારતીય શાસ્ત્રીય નૃત્યમાંનું એક નૃત્ય છે. નૃત્યની પાયાની મુદ્રાઓ કૂચીપૂડીમાં વણી લેવામાં આવે છે. જેમાં મુખ્યત્વે સ્ત્રીના સૌંદર્ય પર આધારિત બાબતોનું વર્ણન દર્શાવવામાં આવે છે. આ નૃત્ય પણ સ્ત્રી અને પુરુષ બંને કરે છે.

### 5.7 લોકનૃત્ય

ભારત પાસે લોકનૃત્યનો ખજાનો છે. સામાન્ય રીતે દરેક પ્રદેશના પર્યાવરણ પ્રમાણે, તેમના ઉત્સવો પ્રમાણે લોકનૃત્યોની રચના થાય છે. આસપાસમાં બનતી ઘટનાઓને પરંપરાથી લોકનૃત્યોમાં ગૂંથી લેવાની પ્રથા છે. આમ અલગ-અલગ પ્રદેશના અલગ-અલગ લોકનૃત્યો હોય છે. લોકનૃત્યોને તેમના જીવનના એક અભિન્ન ભાગ તરીકે ગણવામાં આવે છે. લોકનૃત્યો પ્રકૃતિ પરંપરાગત છે. લોકનૃત્યો, ઋતુઓ, લગ્ન અને તહેવારોના આગમન ઊજવણી કરવા માટે, બાળકના જન્મ જેવા વિશિષ્ટ પ્રસંગો આધારિત હોય છે. આ ઉપરાંત લણણી, વાવણી જેવી પરિસ્થિતિ અને મોસમ અનુરૂપ લોકનૃત્યો હોય છે.

અલગ-અલગ રાજ્યમાં અલગ-અલગ લોકનૃત્યો હોય છે. ગુજરાત રાજ્યમાં પણ અલગ-અલગ પ્રદેશ અનુસાર અલગ-અલગ લોકનૃત્યો જોવા મળે છે.

સૌરાષ્ટ્રના ગરબા-ગરબી, રાસ, રાસડા, ગોફગૂંથન, પઢાર લોકોનાં રાસનૃત્યો, કોળીઓનું નૃત્ય, મેરનું ખમીરવંતુ નૃત્ય, બનાસકાંઠાનું લોકનૃત્ય “મેરાયો”, ડાંગના આદિવાસીઓના નૃત્યો - આ બધા જ ગુજરાતનાં પ્રખ્યાત લોકનૃત્યો છે.

# 5. સંગીત

## 1. પ્રસ્તાવના

પ્રાથમિક કક્ષાના સંગીત અભ્યાસક્રમની રચનાને અસરકારક બનાવવા માટે બાળકે, તેની આસપાસના વાતાવરણ અને સંગીત શિક્ષણના લક્ષણને સમજવું જરૂરી છે. તમારે એક શિક્ષક તરીકે સંગીત શિક્ષણના મહત્ત્વને સમજવું જરૂરી છે. કારણ કે, ગાયન, વાદન, તાલ, લયના માધ્યમથી બાળકો પોતાની ભાવનાઓ વ્યક્ત કરે છે. તે પોતાની જાતને વ્યક્ત કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

સંગીત એટલે ગાયન, વાદન અને નર્તનનો ત્રિવેણી સંગમ. સંગીત જ એક એવું માધ્યમ છે કે જે બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાની તક પૂરી પાડે છે. બાળકના વ્યકિતત્વ વિકાસ પર સંગીતનો બહુ મોટો પ્રભાવ હોય છે. સંગીત એવો સ્રોત છે, જે બાળકના હૃદયની કેળવણી દ્વારા તેનો સવાઁગી વિકાસ કરે છે.

ધોરણ 1થીપના સંગીતના અભ્યાસક્રમમાં સંગીતકલાની ઘણી બધી અભ્યાસિક અને સહઅભ્યાસિક તથા દરેક વિષયમાં સંગીત અનુબંધ પ્રવૃત્તિઓ મૂકવામાં આવી છે. આ બધી પ્રવૃત્તિઓ એક શિક્ષક તરીકે સમજી, જાણી, આત્મસાત્ કરીએ તો જ આપણે સૌ સાચા અર્થમાં તેનો સવાઁગીણ વિકાસ કરી શકીશું.

## 2. મહત્ત્વ

આપણે સૌ અન્ય સાક્ષરી વિષયો શીખીએ છીએ તેટલું જ મહત્ત્વ સંગીતનું પણ છે. સંગીત ખૂબ જ રસપ્રદ વિષય છે. તેમ છતાં પ્રાથમિક શાળાના બાળકો કવિતા, પ્રાર્થના, બાલગીત, ગીતો, લોકસંગીત વગેરે તાલ અને લય સાથે વ્યવસ્થિત ગાતાં થાય તે શીખવવું ખૂબ જરૂરી છે. તેના માટે પ્રથમ આપણે શીખવુ જરૂરી બની રહે છે. અહીં માત્ર તાલ, લય, સાદુ ગાયન, અભિનયના પ્રાથમિક કક્ષાના સંગીતનું જ્ઞાન મેળવવું જરૂરી છે.

પ્રાથમિક શાળામાં બાળકોની વયકક્ષા પ્રમાણેની સંગીત પ્રવૃત્તિઓ, બાલસંગીત, સંગીત પ્રત્યેની બાળકની રુચિ અને એક શિક્ષક તરીકે આપણું યોગદાન તથા સંગીત વિષયમાં પારંગત બનવું અત્યંત જરૂરી છે. શાળાઓમાં સંગીત શિક્ષણ રાષ્ટ્રિય એકતા, ચારિત્ર્ય ઘડતર અને સહકાર ભાવના વિકસાવવામાં ખૂબ મદદરૂપ બને છે.

## 3. હેતુઓ

- વિદ્યાર્થીઓમાં સંગીતનો રસ ઉત્પન્ન થાય છે.
- સંગીતની સુષુપ્ત શક્તિઓ બહાર આવે છે.
- જીવનમાં સંગીતનો સાÂત્ત્Õક આનંદ માણી શકાય છે.

- પ્રાર્થના, ગીતો, ભજન, રાષ્ટ્રગાન, રાષ્ટ્રગીત, લોકસંગીત, ધૂન વગેરે ગાતા શીખે છે.
- સ્પષ્ટ ઉચ્ચારણ અને અવાજ કાઢવાની સમજ મેળવે છે.
- ગાયન, વાદન, નૃત્યની સમજ કેળવાય. સંગીતના વાદ્યોથી પરિચિત થાય. તાલ, લયની જાણકારી મેળવે છે.

## 4. સંગીત કૌશલ્યો

### 4.1 શ્રવણ

- સંગીત શીખવામાં સૌપ્રથમ શ્રવણ જરૂરી છે. ઉખાણાં, જોડકણાં, બાલગીત, પ્રાર્થના, લોકગીત વગેરેનું શ્રવણ કરવું. પહેલા સાંભળવું પછી ગાયન આવડે. સંગીત સાંભળવાથી રાગ, તાલ, લય, આરોહ-અવરોહ(ઊંચો રાગ-નીચો રાગ)ની સમજ કેળવાય છે.

### 4.2 ગાયન

- કોઈ પણ ગીતની પ્રથમ પંક્તિઓ(મુખડા)નો ઢાળ સમજવો જોઈએ.
- ત્યાર પછી ગીતની પછીની પંક્તિઓ(અંતરા)નો ઢાળ થોડો જુદો હોય તેની સમજ મેળવવી.
- ગીત કયા તાલમાં છે તેની પણ સમજ મેળવવી.
- ગીતના સમગ્ર ઢાળનો આરોહ-અવરોહ તથા લયની સમજ મેળવવી.

### 4.3 વાદન

સંગીતના સાધનો જેવા કે ઢોલક, તબલાં, મંજીરા, ખંજરી, હારમોનિયમ વગેરે વગાડતા શીખવું અથવા સામાન્ય તાલ પરિચય મેળવવો. દા.ત., તબલા-ઢોલકના તાલ :

તાલ દાદરા : ધા ધીન ના / ધા તીન ના

તાલ કહેરવા : ધાગી નતી નક ધીન

- ઉપર દર્શાવેલ જેવા તાલ, દાદરા (હિંચ), કહેરવા, દિપચંદી જેવા સાદા તાલમાં ધીમી, ઝડપી તથા મધ્યમ લય વગાડવાથી ગીતોમાં ગાયન સાથે તાલ આપી શકાય છે.

### 4.4 નૃત્ય

નૃત્યના બે પ્રકાર છે :

(1) ગાયન સાથે નૃત્ય

(2) ગાયન વગરનું નૃત્ય

અહીં આપણે પ્રાથમિક શાળાઓમાં થઈ શકે તેવા પ્રાદેશિક નૃત્ય દા.ત., ભવાઈ, ગરબા, આદિવાસી સમૂહનૃત્ય જેમાં એક કરતાં વધારે વ્યક્તિઓ હોય, ગીત-સંગીત સાથેના નૃત્ય શાળાના ઉત્સવો તથા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં કરાવી શકાય. આમાં વેશભૂષાનું ખૂબ જ

મહત્ત્વ હોય છે. વિદ્યાર્થીનિઓ તથા વિદ્યાર્થી ભાઈઓને પણ તૈયાર કરાવી નૃત્ય થઈ શકે છે. અત્યારે સીડી, ડીવીડી, તૈયાર ગરબા કે ગીત ઉપર પણ નૃત્યો કરાવી શકાય છે.

સમૂહમાં હાથ તથા પગની એકસરખી એકશન કરીને વિવિધ અંગ-મરોડ દ્વારા નૃત્ય કરી શકાય છે. દા.ત., રાસ, ગરબા, આદીવાસી નૃત્ય, શાસ્ત્રીય નૃત્ય વગેરે લોકનૃત્યો કરાવી શકાય.

## 5. ગીતોના પ્રકારો

### 5.1 જોડકણાં

ટૂંકા નાના શબ્દોને જોડીને રચાયેલ સાદુ નાનું કાવ્ય જોડકણું કહેવાય છે. પશુ, પંખી, પ્રાણી વગેરેના આવા જોડકણાં બનાવી પણ શકાય છે.

દા.ત. (1) મામાનું ઘર કેટલે
દીવો બળે એટલે
દીવો મેં તો દીઠો
મામો લાગે મીઠો

(2) સાઇકલ કેવી સરરર જાય
ઘંટડી એની ટીન ટીન થાય
એના પૈંડામાં હવા પૂરાય
પગના જોરે એ ચલાવાય

### 5.2 ઉખાણાં

કોઈ પણ વસ્તુનું સાદુ વર્ણન બતાવતું હોય તેવું નાનું સાદુ ગીત જેમાં પછીથી તે કઈ વસ્તુ હશે? તેનો જવાબ બાળકો વિચારીને શોધે અથવા આપે તે ઉખાણું.

દા.ત., કાદવને કીચડમાં જનમે
એની ઉપર ભમરા ભમે
તોય કેવા નસીબ ફૂલના
તેને કહીએ રાષ્ટ્રફૂલ
બોલો તેનું નામ .... જવાબ : કમળ

### 5.3 બાલગીત

બાળકોનું ગીત તે બાલગીત. બાલગીતમાં પ્રકૃતિ, પરી, પશુ, પંખી, દાદા-દાદી, બગીચો, ઢીંગલી, ફૂલ વગેરેનું વર્ણન આવે. બાળકોને ગીત સાંભળતા આનંદ પડે તે બાલગીત. દા.ત., બા પેલા બાગમાં દોડી જાઉં

### 5.4 તાલરમત

આ રમતમાં ઢોલક, તબલાં કે ખંજરીમાં સાદા હિંચ કે કહેરવા (ધીમી ચલતી) જેવા તાલ વગાડવાના હોય છે. જે તાલ વાગતો હોય તે તાલમાં પગ ઊંચકી કે હળવા પગથી તાલ આપી અથવા હાથના તાલ આપીને સિંહ, રીંછ, હાથી, મોર વગેરેનો અભિનય કરીને સાદ્દ તાલ અભિનય નૃત્ય કરવું.

### 5.5 પ્રાર્થના

દરરોજ શાળાની શરૂઆત પ્રાર્થના કાર્યક્રમથી થાય છે. આથી પ્રશિક્ષણાર્થીઓએ જુદી જુદી પ્રાર્થના શીખવી જરૂરી છે. સાદી સરળ પ્રાર્થના શાળામાં ગવડાવી શકાય છે. ધોરણ એકથી પાંચના વિદ્યાર્થીઓ પ્રાર્થનાના શબ્દો કરતાં ફક્ત સંગીત અને લયનું જ્ઞાન મેળવે તે જરૂરી છે. પ્રાર્થનામાં શબ્દો કરતા ભાવનું મહ**ત્ત્વ** છે.

### 5.6 ધૂન

નાના ટૂંકા ઈશ્વર અલ્લાહના નામ જોડીને પરમાત્મા - કુદરત સાથેના ભાવવાળું ગીત તે ધૂન. જેમાં હિંચ કે કહેરવા તાલમાં હાથ વડે તાળી આપીને ધૂન ગવાય છે. દા.ત.,

- રઘુપતિ રાઘવ રાજા રામ, પતિત પાવન સીતારામ
- ઈશ્વર અલ્લાહ તેરો નામ, સબકો સન્મતિ દે ભગવાન

### 5.7 કવિતા

ગુજરાતી, હિન્દી ભાષાના પાઠ્યપુસ્તકમાં મૂકાયેલી કવિતાઓનું સાદા અને સરળ રાગમાં ગાયન કરવું. કવિતાનો કોઈ માન્ય રાગ ન હોય તો આપણી સમજણથી ઊંચા અવાજે દરેક બાળકોને શબ્દો સમજાય તે રીતે તાલ, લય અને આરોહ-અવરોહ રાગ સાથે ગાયન કરવું.

પ્રશિક્ષણાર્થીઓ ધોરણ એકથી પાંચની સંગીતની શિક્ષક આવૃત્તિનો અભ્યાસ કરી આ વિષયને વધુ સમજવા પ્રયાસ કરે એ ઇચ્છનીય છે. તેમાં આપેલા ગીતો પોતે તૈયાર કરે, જે ખૂબ સરળ શૈલીમાં તૈયાર કરેલ છે તથા અન્ય ગીતો તૈયાર કરે.

## 6. ભારતીય શાસ્ત્રીય સંગીત

ભારતીય સંસ્કૃતિમાં ચાર વેદ છે. જેમાં સામવેદમાં સંગીત વિશે વિશદ્ છણાવટ કરેલ છે. સંગીત ધર્મ જેટલું જ મહ**ત્ત્વ** ધરાવે છે. સંગીતની અસર દરેક જીવ ઉપર થાય છે.

ઋષિઓ પવિત્ર મંત્રોચ્ચારના ધ્વનિ વડે રોગનિવારણ કરતા. જુદા જુદા વાદ્યો અને રાગો વડે જુદી જુદી અસર ઉત્પન્ન કરી શકાય છે.

રાગ આધારિત સ્વરસમૂહ વડે શાસ્ત્રીય ગાયન રજૂ થતું હોય છે. શબ્દનું મહ**ત્ત્વ** ઓછું તથા તાલ અને લયમાં વૈવિધ્ય જોવા મળે છે.

સંગીતના મુખ્ય સાત સ્વર છે. નીચે જણાવેલ પ્રાણી-પક્ષીઓનો અવાજ જે-તે સ્વરનું પ્રતિનિધિત્વ કરે છે.

| | | |
|---|---|---|
| 1. સા | - ષડજ | - મોર |
| 2. રે | - રિષભ | - ચાતક |
| 3. ગ | - ગાંધાર | - બકરી |
| 4. મ | - મધ્યમ | - કાગડો |
| 5. પ | - પંચમ | - કોયલ |
| 6. ધ | - ધૈવત | - દેડકો |
| 7. નિ | - નિષાદ | - હાથી |

- **કોમળ સ્વર** શુદ્ધ સ્વરને તેના સ્થાનથી નીચે ગવાય તો તે કોમળ સ્વર કહેવાય છે.
- **તીવ્ર સ્વર** શુદ્ધ સ્વર અડધો સ્વર ઊંચે ગવાય તો તે તીવ્ર સ્વર થાય છે.
- **આરોહ** સ્વરોના ચઢતા ક્રમને આરોહ કહે છે. દા.ત., સા રે ગ મ રે સા
- **અવરોહ** સ્વરોના ઉતરતા ક્રમને અવરોહ કહે છે. દા.ત., સા ની ધ પ મ ગ રે સા
- **તાલ** નિયમિત પ્રમાણમાં લયબદ્ધ થયેલ તબલાંના બોલની રચના. જેમ કે ત્રિતાલ, દાદરા, કહેરવા વગેરે.
- **લય** તાલનું પ્રમાણ અથવા ગતિ.
- **માત્રા** તાલના કાલને માપવાનું પ્રમાણ.
- **સમ** ગીતનું મુખડું જે સ્થાન પર પડે તે સ્થાન. દરેક તાલની પહેલી માત્રા પર જ સમ આવે છે.
- **રાગ** ચોક્કસ સ્વરોના સમૂહને રાગ કહેવામાં આવે છે.
- **બંદિશ** ગીતને સ્વરો વડે ગૂંથવાથી બનતી રચના.

## 7. ભારતીય સંગીત વાદ્યોના પ્રકાર

પ્રાચીન કાળથી ભારતીય વાદ્યોને મુખ્ય ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યા છે.

### 7.1 તંતુવાદ્ય

જેમાં સ્વરની ઉત્પત્તિ તાર દ્વારા થાય છે. આ તારને આંગળી અથવા નખલીથી વગાડાય છે. તંબૂરો, વીણા, સિતાર વગેરેનો બીજો પ્રકાર છે. ગજથી વાગતા તતુંવાદ્યો જેવા કે દિલરુબા, સારંગી, વાયોલિન વગેરે વાદ્યો ગજથી વાગે છે. આવા વાદ્યોને વિતત વાદ્યો કહે છે.

### 7.2 સુષીર વાદ્યો

સુષીર વાદ્યો એટલે ફૂંક વાદ્ય. બંસી, શરણાઈ, હારમોનિયમ વગેરે ફૂંક વાદ્યો છે.

### 7.3 અવનદ્ધ વાદ્ય

ચામડાથી મઢેલા વાદ્યને અવનદ્ધ વાદ્ય કહે છે. મૃદંગ, તબલાં, ઢોલક વગેરે અવનદ્ધ વાદ્યો છે.

### 7.4 ઘન વાદ્યો

પથ્થરના વાદ્યો, લાકડામાંથી બનેલા વાદ્યો, ધાતુમાંથી બનેલા વાદ્યો જેનો ઉપયોગ ખાસ કરીને લય માટે થાય છે. દા.ત. મંજીરા, કરતાલ, ઝાંઝ, ઘૂંઘરા વગેરે.

## 8. અલંકારો

| | | |
|---|---|---|
| 8.1 અલંકાર 1 | આરોહ : | સા રે ગ મ પ ધ નિ સા |
| | અવરોહ : | સા ની ધ પ મ ગ રે સા |
| 8.2 અલંકાર 2 | અરોહ : | સાસા રેરે ગગ મમ પપ ધધ નિનિ સાસા |
| | અવરોહ : | સાસા નિનિ ધધ પપ મમ ગગ રેરે સાસા |
| 8.3 અલંકાર 3 | આરોહ : | સારેગ રેગમ ગમપ મપધ પધનિ ધનિસા |
| | અવરોહ : | સાનિધ નિધપ ધપમ પમગ મગરે ગરેસા |

## 9. પ્રોજેક્ટ કાર્ય

- **લોકસંગીત** : લોકગીત, ગરબા, ભજન લગ્નગીત, દુહા-છંદ, હાલરડા, ચારણી સાહિત્ય વગેરે.
- **લોકસંગીત કલા** : ભવાઈ, નૌટંકી, કૃષ્ણલીલા (ઢાઢીલીલા), હોળીગીત.
- **લોકવાદ્યો** : રાવણહથ્થો, રામસાગર, (તંબૂરો) ડાકલા, ભૂંગળ, તબલાં, ઢોલક, ઘૂંઘરું વગેરે.
- **લોકગાયકો** : હેમુ ગઢવી, દુલાભાયા કાગ, નારાયણ સ્વામી, દિવાળીબેન ભીલ, દમયંતી બરડાઈ, મણીરાજ બારોટ, કાનજી ભુટા બારોટ વગેરે.
- **ગુજરાતના સંગીતકારો / ગાયકો** : પંડીત ઓમકારનાથ ઠાકુર, પુરુષોત્તમ ઉપાધ્યાય, અવિનાશ વ્યાસ, ગૌરાંગ વ્યાસ, વિઠ્ઠલદાસ બાપોદરા, કલ્યાણજી-આણંદજી, કવિશ્રીઓ વગેરે.

**નોંધ:** ઉપર દર્શાવેલ મુદ્દા અનુસાર તેમના વિશે ટૂંકી નોંધ, ફોટોગ્રાફ, જીવનકવન, તેઓની રચનાઓ વગેરે ઉપર પ્રોજેક્ટ કાર્ય કરાવી શકાય.

## 10. ધ્યાનમાં રાખવાની બાબતો

- ગીતસંગીત સાદુ, સરળ અને બાળકોની વયકક્ષાને અનુરૂપ હોવું જોઈએ.
- ઋતુ, તહેવાર, ઉત્સવ, પ્રસંગ, વિષયને અનુરૂપ ગીતની પસંદગી કરવી જોઈએ.
- ગીત ગાવું, ગવડાવવું પણ ગોખાવવું નહિ.
- દરેક બાળકને તક આપવી જોઈએ અને સંગીતના સાધનોનો ઉપયોગ કરવો.
- **દૃશ્ય**-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવો.
- ઇન્ટરનેટના માધ્યમ દ્વારા પસંદગીના ગીતો શોધવા, પ્રિન્ટ કાઢીને બાળકોને લખાવવા, રાગીત (ઑડિયો) સંભાળાવવી, ત્યાર બાદ ગવડાવવું. નેટ પરથી સંગીતના વાદ્યોમાં વિશિષ્ટ વાદ્યોનો, રાગોનો, સંગીતકારોનો પરિચય કરાવવો. સુંદર સમૂહનૃત્યો, આપણા પરંપરાગત રાસગરબા, આદિવાસીનૃત્યો, ભવાઈ, નાટકો વગેરે પણ નેટ પરથી  ડાઉનલોડ કરીને બાળકોને બતાવવા. જેથી તેમની **દૃષ્ટિ** વિકસશે.
- શિક્ષકને મદદરૂપ થવા માટે અહીં કેટલાક ગીતો આપવામાં આવ્યાં છે. પણ એવો આગ્રહ નથી કે આ જ ગીત કે રાગ, તાલ, અલંકાર કરાવવા. શિક્ષક પાસે વધુ સારા ગીતો, વિવિધ પ્રકારના ગીતો, રાગ, તાલ, અલંકાર હોય તો શિક્ષક પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરીને બાળકોને કરાવી શકે છે.
- પહેલા ધોરણમાં જ બાળક બધુ માન્ય ભાષામાં ગ્રહણ ન કરી શકે તે સ્વાભાવિક છે તેથી જે-તે વિસ્તાર-પ્રદેશના બાળકો સમજી શકે તેવી બોલીના ગીતો પણ કરાવી શકાય.
- રાષ્ટ્રગાન (જનગણમન), રાષ્ટ્રગીત (વંદેમાતરમ્) પૂરા આદર સાથે ગવાય તે ખૂબ જરૂરી છે. તેના રાગ-ઢાળ-તાલ, સમયમર્યાદા વગેરે જીસીઈઆરટી દ્વારા નિર્માણ થયેલ ઓડિયોસીડી "સામુદાયિક ગાન-૨011" માં છે. ઉપરાંત જન્મદિવસગીત, પ્રેરણાગીત અને અઠવાડિયાની પ્રાર્થનાઓ પણ આપવામાં આવેલી છે જેનું બાળકોને શ્રવણ કરાવવું અને પછી ગવડાવવું.
- ગાયનમાં તથા વાદનમાં શક્તિ અને કૌશલ્ય ધરાવતા બાળકોને અલગ તારવીને સંગીતવૃન્દ પણ તૈયાર કરવું. આ સંગીતવૃન્દ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં વિશેષ મદદરૂપ થશે તથા બાળકો ભવિષ્યમાં સંગીત વિષયમાં પોતાનું કેરિયર પણ બનાવી શકશે.
- પ્રાર્થના કાર્યક્રમમાં, સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં, રાષ્ટ્રીય પર્વોમાં, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ગાયન, વાદન, નૃત્ય, નાટ્યની પ્રવૃત્તિને પ્રાધાન્ય આપવું.

## 11. મૂલ્યાંકન

- બાળકો પાસે પ્રાર્થના કાર્યક્રમમાં ભજન, ધૂન, બાળગીત ગવડાવી ગાયન કૌશલ્યનું મૂલ્યાંકન થઈ શકે. (અનૌપચારિક મૂલ્યાંકન)
- બાલસભા, સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરીને પણ મૂલ્યાંકન કરી શકાય. (અનૌપચારિક મૂલ્યાંકન)
- વર્ગમાં, બાલસભામાં, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં અભિનયગીત કરાવી નૃત્યનું મૂલ્યાંકન થઈ શકે. (અનૌપચારિક મૂલ્યાંકન)
- પ્રાર્થનામાં વાદન માટે સાધનો (વાદ્યો) આપી સહજ રીતે વાદન કૌશલ્યનું મૂલ્યાંકન કરી શકાય. (અનૌપચારિક મૂલ્યાંકન)
- શાળામાં વિવિધ વર્ગો વચ્ચે ગાયન, વાદન, નૃત્ય કે નાટકને લગતી પ્રવૃત્તિઓ યોજી મૂલ્યાંકન કરી શકાય. (અનૌપચારિક મૂલ્યાંકન)

**અનૌપચારિક મૂલ્યાંકન માટે નીચે પ્રમાણે વર્ગીકરણ કરવું :**

| ક્ષેત્ર | A<br>ઉત્તમ | B<br>સારું | C<br>મધ્યમ | D<br>સાધારણ |
|---|---|---|---|---|
| લયબદ્ધતા (ગાયન-વાદન) | | | | |
| તાલબદ્ધતા (ગાયન-વાદન) | | | | |
| ઉચ્ચારશુદ્ધિ (ગાયન) | | | | |
| આરોહ-અવરોહની યોગ્યતા (ગાયન) | | | | |
| ભાવવાહિતા (ગાયન-નૃત્ય-નાટ્ય) | | | | |
| સંવાદની છટા (નાટ્ય) | | | | |
| અભિનય હાવભાવ (નૃત્ય) | | | | |
| આત્મવિશ્વાસ | | | | |
| સમગ્ર રજૂઆત | | | | |

દ્વિતીય સત્રના અંતમાં ART EXHIBITIONનું આયોજન કરવું.

દ્વિતીય સત્રાંતે પ્રશિક્ષણાર્થીઓ નાટ્ય, સંગીત, હસ્તકલા અને ચિત્રકલા અંગેની સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક કાર્યની પ્રવૃત્તિઓ કરે તેના સંકલન અને અમલીકરણ માટે ART EXHIBITIONનું આયોજન કરવું.

- **ART EXHIBITION માટે નીચે મુજબની પ્રવૃત્તિઓ કરી શકાય :**

1. **ચિત્રકલા**
   - ચિત્ર દોરવા
   - રંગપૂરણી
   - ચિત્રપ્રદર્શન (આર્ટ ગૅલેરીનું નિર્માણ)
2. **સંગીતકલા**
   - સભામંચ ઉપર બાલગીત, અભિનયગીત, રાસ-ગરબા વગેરે પ્રવૃત્તિ
   - સંગીતના લોકવાદ્યોનું નિદર્શન - પ્રદર્શન અને ઉપયોગ
3. **હસ્તકલા**
   - નાટ્યમંચની સજાવટ
   - કલાખંડનું સુશોભન
   - હસ્તકલાના નમૂના નિદર્શન - પ્રદર્શન
   - નાટ્યપ્રવૃત્તિ માટે જરૂરી સાધન-સામગ્રી નિર્માણ દા.ત., મહોરાં, મુગટ તથા શસ્ત્રો બનાવવાં

4. **નાટ્યપ્રવૃત્તિ**

- સભામંચમાં નાટકનું પ્રસ્તુતીકરણ
- વેશભૂષા / એકપાત્રીય અભિનય
- બાળગીત અભિનય

5. **અમલીકરણ**

- સમય / સ્થળનું આયોજન
- જૂથકાર્યની વહેંચણી
- સાધન-સામગ્રીની જરૂરિયાત
- **તકનિકી સાધન**-સામગ્રીનો ઉપયોગ / વ્યવસ્થા

## મૂલ્યાંકન

- **પ્રશિક્ષણાર્થીઓ...**
  - લલિતકલાઓના વિવિધ વિભાગોમાં સક્રિય અને અસરકારક ભૂમિકા
  - સમગ્ર કાર્યક્રમનું જૂથ પ્રમાણે અહેવાલ નિર્માણ
- **પ્રશિક્ષક....**
  - પ્રશિક્ષણાર્થીઓએ કરેલ કામગીરીની નોંધ / કાર્યક્રમમાં સહભાગીદારી / કૌશલ્ય નિર્માણ અને અહેવાલ લેખનને આધારે મૂલ્યાંકન કરવું.

## અનુકાર્ય

- આર્ટ ગૅલેરીનું નિર્માણ અને ઉપયોગિતા
- પ્રોજૅક્ટ

## મૂલ્યાંકન માળખું

- **આંતરિક મૂલ્યાકનઃ**

| વિભાગ | કલા | મૂલ્યાકના મૂદા | કુલ ગુણ | મેળવેલ ગુણ |
|---|---|---|---|---|
| **દૃશ્ય**કલા | ચિત્રકલા | ચિત્રપોથી | 10 | |
| | | મુલાકાત | 02 | |
| | | પ્રોજેક્ટ કાર્ય | 03 | |
| | હસ્તકલા | બનાવેલ નમૂના | 07 | |
| | | પ્રોજેક્ટકાર્ય | 03 | |
| પ્રદર્શિત કલા | સંગીત – નૃત્ય – નાટ્યકલા | પ્રાર્થનાસભામાં ભાગીદારી બાળગીત / ભજન | 08 | |
| | | અભિનયગીત સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગીદારી | 07 | |
| | | પ્રોજેક્ટ કાર્ય | 03 | |
| | | શૈક્ષણિક નાટકમાં ભાગીદારી | 07 | |
| | | કુલ ગુણ | 50 | |

- નોંધઃ બાહ્યમૂલ્યાંક ના પરીક્ષક સમક્ષ આ વિદ્યાર્થીઓનું મૂલ્યા;કન પત્રક રજુ કરવાનું રહેશે.

- **બાહ્યમૂલ્યાંકનઃ**
    - **પ્રાયોગિક**

| | | | |
|---|---|---|---|
| 1 | કલાશિક્ષણ (ચિત્રકામ) (બાહ્ય) | અભ્યાસક્રમ આધારિત કોઈપણ બે ચિત્રો (25+25)<br>કુલ ગુણ | 50 |

નોંધ : (1) પ્રશિક્ષણાર્થીએ બંને વર્ષ દરમ્યાન અભ્યાસક્રમમાં સમાવિષ્ટ પ્રાયોગિક ચિત્રકામની ફાઈલ પરીક્ષા સમયે પરીક્ષક સમક્ષ રજૂ કરવાની રહેશે.

(2) એક ચિત્ર માટે મહત્તમ સમયમર્યાદા 2 કલાકની રહેશે.

(3) પ્રજ્ઞાચક્ષુ પ્રશિક્ષણાર્થીઓના કિસ્સામાં મૌખિક પરીક્ષા દ્વારા મૂલ્યાંકન કરવાનું રહેશે.

| | | | |
|---|---|---|---|
| 2 | કલાશિક્ષણ | **મૂલ્યાંકન માટેના મુદ્દા** | **ગુણ** |
| | (સંગીત) | 1. બાલગીત તથા જોડકણાં ગાન | 10 |
| | (બાહ્ય) | 2. તાલની રમત | 10 |
| | | 3. અભિનયગીત | 10 |
| | | 4. કાવ્ય ગાન-પઠન | 10 |
| | | 5. ગીત સાથે વાદ્ય સંગીત | 10 |
| | | કુલ ગુણ | 50 |

**નોંધ** : પ્રશિક્ષણાર્થીએ વર્ષ દરમ્યાન તૈયાર કરેલ સંગીતપોથી પરીક્ષા સમયે પરીક્ષક સમક્ષ રજૂ કરવાની રહેશે.

- લેખિતઃ

| | | |
|---|---|---|
| કોર્સ-9 | સર્જનાત્મક નાટકો, લલિતકલાઓ, ક્રાફ્ટ અને મૂલ્યાંકન – 1 | 50 |

# પ્રશિક્ષણાર્થીઓએ તૈયાર કરવાની કૃતિઓ

**પ્રથમ સત્ર : D.El.Ed.**

| ક્રમ | ચિત્રકલા (10) | હસ્તકલા (06) | નૃત્યકલા (04) | નાટ્યકલા (05) | સંગીતકલા (07) |
|---|---|---|---|---|---|
| 1 | ચિત્રકલા વિશે જાણકારી, ચિત્રોના નમૂનાનું રસદર્શન | ગુજરાત રાજ્ય હસ્તકલાનો વિકાસ | બાળગીતમાં અભિનય | એકપાત્રીય અભિનય | જોડકણાં, ઊખાણાં |
| 2 | રેખાઓના પ્રકાર અને તથા અસરો | હસ્તકલા એટલે શું? - મહત્ત્વ, હસ્તકલા શું શીખવે? | અભિનયગીત | એકમ અનુરૂપ સ્ક્રિપ્ટ લેખન | બાળગીત, અલંકાર |
| 3 | રંગના પ્રકારો, આકારોના પ્રકારો | બાળકો સાથે કામ કરવાની કેળવણીના પાયાના સિદ્ધાંતો, શાળાના રોજિંદા જીવનમાં પ્રવૃત્તિ | સ્વાગતગીત | વેશભૂષા, સંગીત - જરૂરી સાધનો બનાવવા | પ્રાર્થના - ધૂન |
| 4 | કેલિગ્રાફિ - અર્થ, મહ**ત્ત્વ**, પ્રાયોગિક કાર્ય - ચોરસમાં આડી, ઊભી, ત્રાંસી, વક્ર રેખાઓ | પ્રાયોગિક કાર્ય | લોકનૃત્ય | નાટક આધારિત સ્ટેજ બેકગ્રાઉન્ડના જરૂરી સાધનો | ભારતીય સંગીત વિશે |
| 5 | ભૌમિતિક આકારો વડે ચિત્ર તથા રંગપૂરણી | પ્રાયોગિક કાર્ય | - | નાટકની રજૂઆત | રાષ્ટ્રગીત, રાષ્ટ્રીયગીત |
| 6 | કોઈ પણ એક પદાર્થ સામે મૂકી ચિત્ર દોરી છાયા-પ્રકાશ | પ્રાયોગિક કાર્ય | - | - | ભજન |
| 7 | કોઈ પણ પાંદડાને સામે રાખી રેખાંકન તથા રંગકામ | - | - | - | લોકગીત |
| 8 | ઉપસેલી સપાટીવાળી વસ્તુઓની છાપ પાડવી અને કોલાજવર્ક | - | - | - | - |
| 9 | યથાદર્શન-છાયા-પ્રકાશ | | | | |
| 10 | પૉટ ડૅકોરેશન | - | - | - | - |

# પ્રશિક્ષણાર્થીઓએ તૈયાર કરવાની કૃતિઓ

**દ્વિતીય સત્ર : D.El.Ed.**

| ક્રમ | ચિત્રકલા (12) | હસ્તકલા (08) | નૃત્યકલા (05) | નાટ્યકલા (06) | સંગીતકલા (09) |
|---|---|---|---|---|---|
| 11 | કેલિગ્રાફિ – વમળયુક્ત, વલયાકાર, ત્રુટક, ગુણાંક રેખાઓ વિવિધ આકારોમાં | બાળમેળા વિશેની જાણકારી | ઋતુગીત (અભિનય સાથે) | વિષયવસ્તુ આધારિત સ્ક્રિપ્ટ લેખન | ભારતીય લોકસંગીત કલા વિશે |
| 12 | ઓવરલેપિંગ-ભૌમિતિક આકારોને ઓવરલેપિંગ કરી રંગકામ | બાળમેળાની પ્રવૃત્તિનું રસદર્શન | અભિનયગીત | સ્ક્રિપ્ટ આધારિત સંગીત – વેશભૂષા | સ્વાગતગીત – અલંકાર બીજો |
| 13 | જળ રંગપૂરણીની પદ્ધતિઓ, માટલું, ઈંટ, છાયા-પ્રકાશ, ફ્લેટ, ટેક્ષ્ચર | બાળમેળાનું આયોજન | ઉત્સવગીત | નાટક માટે પાત્રોને જરૂરી સાધનો બનાવવા. | ઋતુગીત |
| 14 | કુદરતના સાનિધ્યમાં કુદરતી ચિત્રનું પેન્સિલ શેડિંગથી ચિત્ર | કલામેળાની પ્રવૃત્તિઓનું ચિત્ર આયોજન અને અમલીકરણ | લોકનૃત્ય | નાટક માટે જરૂરી સ્ટેજ બેકગ્રાઉન્ડના સાધનો બનાવવા | પ્રેરણાગીત |
| 15 | થમ્બ પ્રિન્ટ દ્વારા ચિત્રરચના, ઓરીગામી | સંગીત | સાંસ્કૃતિક કાર્યક્રમ | ઉપરની બધી વસ્તુઓ દ્વારા નાટકની રજૂઆત | શૌર્યગીત |
| 16 | અક્ષર લેખન – સ્કેચપેનથી વિવિધ વળાંકોવાળું મુક્ત રીતે અક્ષર લેખન, શુભ દીપાવલી | નાટ્ય – નૃત્ય | – | સાંસ્કૃતિક કાર્યક્રમમાં નાટકની રજૂઆત | અલંકાર ત્રીજો |
| 17 | શુભેચ્છાકાર્ડ બનાવવા, સૂકા પાન, દીવાસળી, સૂતળીનો ઉપયોગ | હસ્તકલા | – | – | ગરબા |
| 18 | પેઇન્ટના તમામ ટુલ્સનો ઉપયોગ કરી કુદરતી **દૃશ્ય** બનાવવું. | કલામેળાનું નિદર્શન-પ્રદર્શન | – | – | ગૌરવગીત |
| 19 | કાપડના રંગબેરંગી ટુકડા વડે કાપડ કોલાજ | – | – | – | લોકગીત, સંગીત કાર્યક્રમ |
| 20 | ત્રણ તાલીમાર્થીઓ દ્વારા મોટો સર્જનાત્મક નમૂનો તૈયાર કરો. | – | – | – | – |

# સર્જનાત્મક નાટકો, લલિતકલાઓ, હસ્તકલાઓ અને મૂલ્યાંકન

## સમય ફાળવણી પત્રક

પ્રથમ સત્ર

| માસ | દૃશ્યકલા | | પ્રદર્શિત કલા | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | ચિત્રકલા | હસ્તકલા | સંગીત | નૃત્ય | નાટ્ય | |
| જૂન | 2 | 1 | 1 | 0 | 0 | 4 |
| જુલાઈ | 2 | 1 | 2 | 2 | 1 | 8 |
| ઓગસ્ટ | 2 | 2 | 1 | 1 | 2 | 8 |
| સપ્ટેમ્બર | 3 | 1 | ૨ | 1 | 1 | 8 |
| ઓક્ટોબર | 1 | 1 | 1 | 0 | 1 | 4 |
| કુલ | 16 | | 16 | | | 32 |

દ્વિતીય સત્ર

| માસ | દૃશ્યકલા | | પ્રદર્શિત કલા | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | ચિત્રકલા | હસ્તકલા | સંગીત | નૃત્ય | નાટ્ય | |
| નવેમ્બર | 2 | 1 | 1 | 0 | 0 | 4 |
| ડિસેમ્બર | 2 | 1 | 2 | 2 | 1 | 8 |
| જાન્યુઆરી | 2 | 2 | 1 | 1 | 2 | 8 |
| ફેબ્રુઆરી | 3 | 1 | 2 | 1 | 1 | 8 |
| માર્ચ | 2 | 2 | 2 | 1 | 1 | 8 |
| એપ્રિલ | 1 | 1 | 1 | 0 | 1 | 4 |
| કુલ | 20 | | 20 | | | 40 |
| સમગ્ર કુલ | 36 | | 36 | | | 72 |

## સંદર્ભ પુસ્તકો


1. ચિત્રકલા જાતે શીખો - બાગરૂ માર્કન્ડેય, ઇન પ્રકાશન
2. ધરતીના ચિત્રકાર - ખોડીદાસ પરમાર, ગુજરાત લોકકલા ફાઉન્ડેશન
3. કલાયાત્રી - નટુ પરીખ
4. કલાગુરુ રસિકલાલ પરીખ - ઉર્મિ પરીખ
5. કલાનો ઈતિહાસ - રાજ્ય શિક્ષણ ભવન
6. મૂઠી ઊંચેરાં ગુજરાતીઓ - રજની વ્યાસ
7. ગુજરાતની અસ્મિતા - રજની વ્યાસ
8. આદિવાસી લોકસાંસ્કૃતિક વારસો - માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય
9. ગુજરાતની લોકસાંસ્કૃતિક વિરાસત - જોરાવરસિંહ જાદવ
10. ચિત્રકલા - હરીપ્રસાદ જાની
11. સમાજ-ઉપયોગી ઉત્પાદન કાર્ય - શિક્ષક નિદર્શિની (ધોરણ 1થી7) રાજ્ય શિક્ષણ ભવન, રાયખડ, અમદાવાદ
12. શિક્ષણની રાષ્ટ્રીય નીતિ - 1986, રાજ્ય શિક્ષણ ભવન, રાયખડ, અમદાવાદ
13. નાના ગૃહઉદ્યોગો - જગતપાલ રામસરનદાસ, ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, ગાંધીનગર
14. જીવન શિક્ષણ માહે મે-જૂન 1999, જીસીઈઆરટી, ગાંધીનગર
15. ક્ષમતાદીપ - ધોરણ 1નું તાલીમ મૉડયુલ (વર્ષ 2000) જીસીઈઆરટી, ગાંધીનગર
16. શાળા તત્પરતા પ્રવૃત્તિ પુસ્તિકા, જીસીઈઆરટી, ગાંધીનગર
17. તરંગ ઉલ્લાસમય અભ્યાસ (શિક્ષક માર્ગદર્શિકા) 1995, જીસીઈઆરટી, ગાંધીનગર
18. कार्यानुभव की शिक्षा डॉ. सत्यपाल रुहेला और डॉ. देवेन्द्र
19. Work and Education NCERT, New Delhi. Position Paper, NCF 2005
20. Heritage Crafts - Position Paper, NCERT, New Delhi
21. સમાજ-ઉપયોગી ઉત્પાદન કાર્ય માર્ગદર્શિકા ધોરણ 5થી 7, વર્ષ 2005-06, ડાયટ મહેસાણા.
22. કાર્યાનુભવ - શિક્ષક આવૃત્તિ ધોરણ 1થી 8, વર્ષ 2012-13, જીસીઈઆરટી, ગાંધીનગર
23. Arts, Music, Dance and Theatre (NCF 2005), Position Paper, NCERT, New Delhi.

24. નાટ્યકલા શિક્ષણ પાઠયક્રમ આધારિત નાટકો, સંપાદન ડૉ. વિપિન હિમાણી અને ડૉ. વિજય સેવક : સેન્ટર ફૉર ઍજ્યુકેશન, સીટીઈ, વી. ટી. ચોક્સી સાર્વજનિક કૉલેજ ઓફ ઍજ્યુકેશન, સુરત
25. જવનિકા – કનૈયાલાલ જોષી, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
26. રંગમંચ એક શાળા (ભાગ-૨) દોલતભાઈ દેસાઈ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
27. ચાલો નાટક ભજવીએ – ડૉ. વિજય સેવક, સાર્થક રંગમંચ, સુરત
28. બાળનાટકની બારાખડી – ડૉ. વિજય સેવક
29. ગુજરાતી વિશ્વકોશ (ખંડ 10) પ્રથમ સંપાદક : ડૉ. ધીરુભાઈ ઠાકર, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ
30. The Cambridge guide to world theatre, Ed. by Martin Banham, Published by the Press syndicate at the University of Cambridge.
31. અમેરિકન નાટક – શ્રી ચંદ્રવદન સી. મહેતા – યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
32. યુરોપના દેશોની નાટ્યસૃષ્ટિ – શ્રી ચંદ્રવદન મહેતા, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
33. નાટક લેખન – શ્રી ધનંજય ઠાકર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
34. ભવાઈ, નર્તન અને સંગીત – ડૉ. કૃષ્ણકાંત કડકિયા, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
35. સંગીતશાસ્ત્ર – હસુ યાજ્ઞિક, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
36. સંગીત પ્રવેશ અને હાર્મોનિયમ શીખો – અમુભાઈ દોશી અને મુક્તાબેન વૈદ્ય
37. ગમતાં ગાઓ ગીત – સંપાદક હીરજીભાઈ નાકરાણી અને શ્રીમતી બીના જે ભટ્ટ, પ્રવિણ પ્રકાશન, અમદાવાદ
38. સૂર સમાગમ – વિમલકુમાર મોહનલાલ ધામી, સર્વોદય મુદ્રણાલય, અમદાવાદ
39. સિતારવાદન – શ્રી શશિકાંત ગુંદાણી, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
40. બંસરીવાદન – હસુ યાજ્ઞિક, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
41. આપણાં સંગીતરત્નો – પ્રતિભા બકુલ જોષીપુરા, કુસુમ પ્રકાશન, અમદાવાદ

# પ્રથમ વર્ષ

## કોર્સ–૯ સર્જનાત્મક નાટકો, લલિતકલાઓ, ક્રાફ્ટ અને મૂલ્યાંકન–1

**વિચાર પ્રેરક પ્રશ્નો:–**

1. તમે છેલ્લા સપ્તાહમાં પસાર કરેલ કોઈ એક સવારમાં તમને આનંદ આવ્યો હતો. આ સવાર અંગેની વિગતો લખો.
૨. તમારી સોસાયટીમાં કોઈના ઘરે લગ્ન પ્રસંગનું આયોજન હોય તો સંગીત સંધ્યાનું આયોજન તમને સોંપાયેલ હોય એવર્ણવો
3. કાપડ વણાટ તને રંગકામ કાપડની ગૂંથણી તેના ડેકોરેશન ની પદ્ધતિ આમાંથી તમને કંઈ ગમે ? શા માટે ?
4. કોઈ એક ગુજરાતી ગીત તમને પસંદ પડ્યું હોય તેની પસંદગીનાં કારણો જણાવો.
5. ઘરમાં તમારે ભજન સંધ્યા હોય તો તેનું આયોજન કઈ રીતે કરશો ?

નોંધઃ મોડ્યુલ આધારિત આ વિચારપ્રેરક પ્રશ્નો ઉદાહરણ પૂરતાં આપેલાં છે. અધ્યાપકશ્રીઓએ આ પ્રશ્નોનો આધાર લઇ બીજા પ્રશ્નો બનાવી વિદ્યાર્થીઓને મહાવરો કરાવવો.